# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● કર્મોદય વશથી, વેરી હોય તે તો મિત્ર થઈ જાય છે તથા મિત્ર હોય તે વેરી થઈ જાય છે, એવો જ સંસારનો સ્વભાવ છે. ૧૭૬૧.

(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૫૭)

● પૂર્વકાલમેં ભયે ગણધરાદિ સત્પુરુષ ઐસે દિખાવે હૈં જો જિસ મૃત્યુતૈં ભલે પ્રકાર દિયા હુઆકા ફલ પાઈયે અર સ્વર્ગલોકકા સુખ ભૌગિયે તાતૈં સત્પુરુષકે મૃત્યુકા ભય કાહેતૈં હોય ? ૧૭૬૨. (મૃત્યુ મહોત્સવ, શ્લોક-૪)

● જ્યાં સુધી શરીર વચન અને મન એ ત્રણને જીવ આત્મબુદ્ધિથી ગ્રહણ કરે, ત્યાં સુધી સંસાર છે, પરંતુ એ મન-વચન-કાયનો આત્માથી ભિન્નરૂપ અભ્યાસ થતાં મુક્તિ થાય છે. ૧૭૬૩. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર,ગાથા-૬૨)

● જિન દુઃખદાયક ઈન્દ્રિયોંકો જીતનેકે લિયે સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ, મહાદેવ ઔર ઈન્દ્ર આદિ સમર્થ નહીં હુએ હૈં ઉન અતિશય દુર્જય બલવાન ઈન્દ્રિયોંકો જો ઈસ સંસારમેં જીતતે હૈં વે અદ્વિતીય બલવાન હૈ. ઉનકે સમાન પરાક્રમી દૂસરા કોઈ ભી નહીં હૈ. ૧૭૬૪. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૯૩)

● ઈસ હી જન્મમેં ગર્ભકે ભીતર રહતે હુએ ભી જો દુઃખ તૂને ઉઠાયે હૈ અબ તૂ ક્યોં ઉનકો ભૂલ ગયા હૈ જિસસે તૂ અપને આત્માકો નહીં પહચાનતા હૈ ? ૧૭૬૫. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૮૪)

● રે મન ! તૂ કભી તો પાતાલમેં જાકર નાગકુમારી દેવિયોંકે સુખકો ભોગનેકે લિયે ચિંતા કરતા રહતા હૈ. કભી દૂસરેકે પાસ પ્રાપ્ત ન હો સકે ઐસી વિભૂતિવાલે ચક્રવર્તીકે રાજ્યકો પ્રાપ્ત કરનેકે લિયે ઈસ પૃથ્વી પર આનેકી ઈચ્છા કિયા કરતા હૈ તથા કભી કામસે ઉન્મત્ત ઐસી સ્વર્ગવાસી દેવોંકી દેવાંગનાઓંકો પાનેકે લિયે સ્વર્ગમેં જાનેકી ઉત્કંઠા કિયા કરતા હૈ. ઈસ ભ્રમમેં પડકર અસલમેં અમૃતકે સમાન સુખદાયી જિન-વચનકો નહીં પ્રાપ્ત કરતા હૈ. ૧૭૬૬. (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના શ્લોક-૨૯)

● જ્ઞાન, પૂજા-પ્રતિષ્ઠા, કુળ, જાતિ, બળ-શક્તિ, ઋદ્ધિ-સંપદા-રાજ્યની વિભૂતિ, તપ અને શરીર—એ આઠનો આશ્રય કરીને અભિમાન કરવું તેને મદરહિત આચાર્યોએ—જિનોએ મદ કહ્યો છે. ૧૭૬૭.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર શ્લોક-૨૫)

વર્ષ–૧૪
અંક–૨

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૫

October
A.D. 2019



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૫૦ ઉપર શેષ પ્રવચન)

પ્રકૃતિઓ ભિન્ન છે, તેની સ્થિતિ ભિન્ન-ભિન્ન પડે છે, બંધનું નિમિત્તકારણ રાગાદિ એક હોવા છતાં સ્થિતિ ભિન્ન-ભિન્ન પડે છે તે એમ બતાવે છે કે ઉપાદાન સ્વતંત્ર છે, જેમ દશમે ગુણસ્થાને રાગ છે તેના નિમિત્તે છ કર્મ બંધાય છે, નિમિત્ત તો રાગ એક જ છે ને ભિન્ન-ભિન્ન છ કર્મ બંધાય છે, વળી છએ કર્મોની સ્થિતિ પણ ભિન્ન-ભિન્ન પડે છે. તે એમ બતાવે છે કે ઉપાદાનને નિમિત્તની અપેક્ષા નથી. ઉપાદાનની પોતાની સ્વતંત્રતા છે, જો એમ ન હોય તો રાગાદિ નિમિત્તકારણ એક જ હોવા છતાં ભિન્ન-ભિન્ન કર્મો તથા તેની ભિન્ન-ભિન્ન સ્થિતિ કેમ હોય ?

ધવલના છઠ્ઠા ભાગમાં પણ કહ્યું કે ભિન્ન-ભિન્ન સ્થિતિ છે તે પરમાણુની સ્વતંત્રતા છે. જો બધા કાર્યો બાહ્યકારણથી થતાં હોય તો ચોખાના બીજથી જવ ઉત્પન્ન થશે. પણ ચોખાના બીજથી જવનો અંકુર ઉત્પન્ન થતો નથી. માટે સર્વત્ર અંતરંગકારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે એમ નિર્ણય કરવો.

પરમાણુની તે વખતની સ્થિતિ ઓછી વધુ થવાની પોતાની જ લાયકાત છે. તેથી બાહ્ય નિમિત્તકારણ રાગાદિ એક જ હોવા છતાં નિમિત્તની અપેક્ષા વિના ઉપાદાનની સ્વતંત્રતાથી જ કાર્ય થાય છે.

**તીન લોક કો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય,**
**યે દુખ બહુ સાગર લૌં સહૈ, કરમ જોગતૈં નરગતિ લહૈ. ૧૨. –શ્રી છઢાળા**

જેમ કોઈ અલંકારોથી આભૂષિત રૂપવાન સ્ત્રીના મડદાને કામીપુરુષ, લૂંટારો મુનિરાજ તથા કૂતરો જુએ છે. ત્યારે કામીપુરુષ એમ વિચારે છે કે આ સ્ત્રી જીવિત હોત તો હું તેને ભોગવી લેત, લૂંટારો વિચારે છે કે બીજા કોઈ હાજર ન હોત તો આ કિંમતી અલંકારો હું લઈ લેત, મુનિરાજ વિચારે છે કે આત્માની સમજણ વિના અતિ દુર્લભ માનવભવ મળવા છતાં આ જીવે વ્યર્થ ગુમાવી દીધો, જ્યારે કૂતરો વિચારે છે કે આ મનુષ્યો અહીં ન હોત તો મને માંસ ખાવા મળત—આ રીતે ચારેય જીવોને એક જ નિમિત્ત હોવા છતાં દરેકને ભિન્ન-ભિન્ન વિકલ્પો ઊઠે છે, તે ઉપાદાનની જ સ્વતંત્રતા સિદ્ધ કરે છે. જો ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કર્તા હોય તો ચારેય જીવોના વિચારોમાં ભિન્નતા કેમ હોય ? તેથી ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કિંચિત્‌માત્ર પણ કર્તા નથી તેમ ફલિત થયું.

ગતિ વખતે ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય બંને હોવા છતાં ધર્માસ્તિકાય નિમિત્ત પડ્યું તેમ કહેવાય છે. તેનો અર્થ એ કે ગતિનું ઉપાદાન કારણ પોતે જ છે. એ રીતે નિમિત્તની સહેજે અપેક્ષા વિના ઉપાદાનની સ્વતંત્રતા સિદ્ધ થાય છે.

તેવી જ રીતે ઉદયના પરિણામ નિશ્ચયથી પોતાથી જ થાય છે, કર્મના કારણે થયા નથી. પરંતુ ત્રિકાળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરાવવા વસ્તુસ્વભાવથી જોતાં જીવની પર્યાયમાં હોવા છતાં તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે ને સ્વાનુભૂતિથી ભિન્ન છે તેમ કહ્યું છે. ૧૯-૨૨.

પર્યાયની દૃષ્ટિથી જોતાં જેઓ જીવના પરિણામ છે. પરની અપેક્ષા રાખ્યા વિના જ પોતાના ઊંધા પુરુષાર્થથી પોતાની પર્યાયમાં થયા છે એવા ગતિના પરિણામ, ભાવેન્દ્રિયના ખંડખંડ પરિણામ, કાયના પરિણામ, યોગ, સ્ત્રી-પુરુષ—નપુંસકના વેદના પરિણામ, શુભાશુભ કષાયના પરિણામ, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ સંજ્ઞા અને આહાર એવા જે માર્ગણાસ્થાન તે બધાય જીવને નથી. વસ્તુ અનાદિ અનંત, વર્તમાનમાં પૂર્ણ છે, શક્તિનો સાગર છે. એવા સ્વભાવની દૃષ્ટિમાં સઘળાય માર્ગણાસ્થાન જીવમાં નથી, કેમ કે તેઓ પુદ્‌ગલ પરિણામમય હોવાથી જીવની અનુભૂતિથી ભિન્ન છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે શુભભાવ પણ સ્વભાવમાં નથી માટે તે જીવના નથી, પુદ્‌ગલના પરિણામ છે. ૨૩.

સ્થિતિબંધસ્થાનો, સંક્લેશસ્થાનો, વિશુદ્ધિસ્થાનો જીવને નથી. કેમ કે તેઓ પુદ્‌ગલના પરિણામમય હોવાથી આત્મ-અનુભૂતિથી ભિન્ન છે. ૨૪-૨૬.

**જનની-ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાયો ત્રાસ;**
**નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩. –શ્રી છઢાળા**

ચારિત્રમોહનો વિપાક ક્રમશઃ ઘટતો જાય ને સંયમની વૃદ્ધિ થતી જાય એવા સંયમ-લબ્ધિસ્થાનો, ધ્રુવસ્વભાવને ધ્યાનનું ધ્યેય બનાવીને થતી અનુભૂતિમાં તેઓ નથી. દૃષ્ટિના વિષયમાં સંયમલબ્ધિસ્થાનો આવતા નથી તેથી તેઓ જીવને નથી, પુદ્ગલના પરિણામ-મય છે. ગજબ વાત છે ને ! સંયમના નિર્મળ પરિણામ જીવની પર્યાયમાં થવા છતાં તેના લક્ષે વિકલ્પ ઉઠે છે, તેથી તેના તરફનું લક્ષ છોડાવીને ધ્રુવસ્વભાવનું લક્ષ કરાવવા નિર્મળ પરિણતિરૂપ સંયમભાવ પણ જીવના નથી, પુદ્ગલના છે તેમ કહ્યું છે. ૨૭.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંત જે જીવસ્થાનો છે તે જીવની પર્યાયમાં હોવા છતાં તેઓ જીવના નથી. વસ્તુસ્વભાવમાં જીવસ્થાનોનો અભાવ છે ને વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં થતી અનુભૂતિથી પણ તેઓ ભિન્ન રહી જાય છે, માટે તેઓ પુદ્ગલના પરિણામમય છે એમ કહીને પામરતાનું લક્ષ છોડાવીને પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યઘનનું લક્ષ કરાવ્યું છે. ૨૮.

વિપરીત દૃષ્ટિના પરિણામ એવું જે પહેલું, બીજું તથા ત્રીજું ગુણસ્થાન તે જીવની પોતાની ઊંધી માન્યતાના કારણે જીવની પર્યાયમાં છે. તેઓ જીવથી થયા છે, કર્મે કે પર નિમિત્તે વિપરીત પરિણામ કરાવ્યા માટે થયા છે તેમ નથી. જીવના ઊંધા પુરુષાર્થથી સ્વતંત્રપણે પર્યાયમાં તેઓ થયા છે. પરંતુ ત્રિકાળી શુદ્ધ વસ્તુસ્વભાવમાં અશુદ્ધતા નથી તેમજ ત્રિકાળી શુદ્ધ વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં તે છૂટી જાય છે માટે તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે.

અરે ! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી. પણ તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને ! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિપૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્ગલના પરિણામમય કહ્યાં છે ! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઉઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ—ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી,

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણી-રત રહ્યો;**
**અર્દ્ધમૃતકસમ બૂઢાપનો, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪. –શ્રી છઢાળા**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)



શુદ્ધ આત્મા જ જેમને ઉપાદેય છે એવા યોગીશ્વરો પરદ્રવ્યોથી પરાન્મુખ હોય છે. આ જીવને પોતાના અંતર્સ્વભાવ સિવાય કોઈ બીજાનું શરણ નથી, કોઈ પર સાથે સંબંધ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આ જીવને શરણભૂત નથી. પોતે અંતર્તત્ત્વ છે ને બધાય પરદ્રવ્યોથી ઉદાસીન છે. મુમુક્ષુ જીવોને સાચા દેવ-ગુરુના ગુણોની અધિકતા જોઈને તેમના પ્રત્યે પ્રમોદ ને ભક્તિભાવ આવે તો ખરો. નીચલી ભૂમિકામાં જો ગુણોની અધિકતા દેખીને તે પ્રત્યે પ્રમોદભાવ ને ભક્તિ ન જાગે તો તે જીવ શૂષ્ક છે, તેને ખરેખર ગુણની રુચિ નથી. પરંતુ દેવ-ગુરુ પ્રત્યેનો જે પ્રમોદભાવ થાય તે પણ શુભરાગ છે, તે રાગને જો શરણભૂત માને તો અજ્ઞાન છે. જો પરને શરણરૂપ માનશે તો પરથી ઉદાસીન થઈને પોતાના સ્વરૂપનો આદર ક્યાંથી કરશે? અને દેવ-ગુરુ પ્રત્યેના શુભરાગને જો પોતાનું કર્તવ્ય માનશે કે તેનાથી કલ્યાણ માનશે તો તે રાગનો આદર છોડીને પોતાના જ્ઞાનસ્વરૂપનો આદર ક્યારે કરશે? માટે બધાય નિકટભવ્ય જીવોને એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. જે જીવ પોતાના સહજ સ્વભાવની સન્મુખ થતાં બધાય પરદ્રવ્યોથી પરાન્મુખ થઈ ગયો, એટલે એક સ્વભાવને જ ઉપાદેય રાખ્યો, ને બીજા બધાયને બહિર્તત્ત્વો જાણીને તેની શ્રદ્ધા છોડી દીધી—તે ધર્મી છે.

શુદ્ધાત્માને ઉપાદેય જાણનારા મુનિવરો ઉત્કૃષ્ટ વૈરાગ્યવંત હોય છે, પરદ્રવ્યોથી પરાન્મુખ હોય છે—એ વાત કરી. વળી તે મુનિવરો કેવા છે? —પંચેન્દ્રિયના ફેલાવથી રહિત છે ને માત્ર શરીરનો જ પરિગ્રહ છે. મુનિને પાંચ ઈન્દ્રિયો તો હોય છે પણ તેનો ફેલાવ નથી એટલે કે પાંચ ઈન્દ્રિયની રસ-રૂપ વગેરે વિષયો પ્રત્યેથી તેમની પરિણતિ રોકાઈ ગઈ છે. તેમને માત્ર શરીરનો જ પરિગ્રહ છે. મોરપીંછી અને કમંડળ હોય છે પણ તે પોતાના શરીરના રક્ષણ ખાતર નથી.

વળી તે મુનિવરોની બુદ્ધિ સ્વદ્રવ્યમાં લીન છે. પહેલાં અજ્ઞાનદશામાં પરને

**કભી અકામનિર્જરા કરૈ, ભવનત્રિકમેં સુર તન ધરૈ;**
**વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત વિલાપ કરત દુખ સહ્યો. ૧૫. –શ્રી છઢાળા**

પોતાપણે માનીને અને રાગાદિને આત્માનું સ્વરૂપ માનીને જ્ઞાન ત્યાં લીન થતું હતું, હવે ભેદજ્ઞાનવડે શુદ્ધાત્મસ્વભાવને જ ઉપાદેય જાણીને જ્ઞાનને પરદ્રવ્યોની લીનતામાંથી પાછું ખેંચીને સ્વદ્રવ્યમાં જોડ્યું છે અને શુદ્ધાત્મસ્વરૂપના વિશેષ અનુભવ વડે જ્ઞાનને સ્વદ્રવ્યમાં લીન કર્યું છે. એ રીતે જેમણે પોતાના જ્ઞાનને પોતામાં જ જોડી દીધું છે એવા તે વીતરાગી સંતો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આત્માનંદમાં ઝૂલે છે, ક્ષણે ક્ષણે વિકલ્પ તોડીને શુદ્ધ આત્માનો સાક્ષાત્ અનુભવ કરે છે. તે મુનિવરોએ મિથ્યાત્વ અને કષાયને જીતી લીધાં છે. તેથી તેઓ પરમ જિન છે. અને સ્વદ્રવ્યમાં જોડાયેલા હોવાથી તેઓ યોગી છે. આવા પરમજિનયોગીશ્વરોને એક શુદ્ધાત્મા જ આદરણીય છે, એના સિવાય બીજા બધા પરદ્રવ્યો અને પરભાવો છે તે બહિર્તત્ત્વ છે, તે આદરણીય નથી.

આ ગાથામાં ઉપાદેયરૂપ શુદ્ધાત્માનું વર્ણન કર્યું છે, અને સાથે સાથે મુનિદશા કેવી હોય ને આસન્નભવ્ય જીવ કેવા હોય તેનું પણ વર્ણન આવી જાય છે. યોગીશ્વરોને એક શુદ્ધાત્મા જ અંગીકાર કરવાયોગ્ય છે—એમ મુનિનું દૃષ્ટાંત લઈને આચાર્યદેવ કહે છે કે બધાય આસન્નભવ્ય જીવોને નિજ કારણપરમાત્મા સિવાય બીજું કાંઈ પણ અંગીકાર કરવા જેવું નથી.

આ ગાથામાં, પહેલાં તો શુદ્ધાત્મા સિવાય નવતત્ત્વો બહિર્તત્ત્વ છે માટે તેની શ્રદ્ધા છોડવાયોગ્ય છે—એમ જણાવ્યું. પછી મુનિનું સ્વરૂપ જણાવ્યું છે કે તે ઉત્કૃષ્ટ વૈરાગ્યવાળા છે, પરદ્રવ્યોથી પરાન્મુખ છે, પાંચ ઈન્દ્રિયોના ફેલાવથી રહિત છે, માત્ર શરીરનો જ પરિગ્રહ છે અને તેમની બુદ્ધિ સ્વદ્રવ્યમાં લીન છે.—એવા પરમજિનયોગીશ્વરોને એક આત્મા જ ઉપાદેય છે એટલે જેના અંતરમાં સહજ વૈરાગ્ય ન હોય, જે પરદ્રવ્યોથી પરાન્મુખ ન હોય પણ પરની ભાવનાવાળો હોય, જેને પાંચ ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા હોય, જેને શરીર સિવાય વસ્ત્ર-ધન વગેરેનો પરિગ્રહ હોય અને જેની બુદ્ધિ સ્વદ્રવ્યમાં લીન ન હોય—એવો કોઈ જીવ મુનિ નથી, અને એક શુદ્ધાત્મા સિવાય બીજાને ઉપાદેય માને તે પણ મુનિ નથી.

જેમ મુનિવરોને એક શુદ્ધ પરમાત્મા જ ઉપાદેય છે તેમ બધાય આસન્નભવ્ય જીવોને પોતાનો શુદ્ધ પરમાત્મસ્વભાવ જ ઉપાદેય છે. જેઓ શુદ્ધ પરમાત્મસ્વભાવને ન જાણે અને તેના સિવાય બીજાને ઉપાદેય માને તે જીવો આસન્નભવ્ય નથી, નીચલી સાધકદશામાં શુભ કે અશુભભાવમાં પણ જોડાણ થતું હોય, છતાં જેઓ અત્યંત

**જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;**
**તઁહતેં ચય થાવર તન ધરૈં, યોં પરિવર્તન પૂરે કરૈં. ૧૬. –શ્રી છઢાળા**

નિકટભવ્ય છે એવા જીવો અંતર્ શ્રદ્ધામાં એક શુદ્ધાત્મા સિવાય બીજા કોઈ ભાવને પોતાનું સ્વરૂપ માનતા નથી, તેમને શુદ્ધાત્માનો જ આદર છે ને બીજા બધા ભાવોનો નિષેધ છે. સાધકની દૃષ્ટિનું જોર શુદ્ધસ્વભાવમાં જ છે. સંત-મુનિદશા જેવી આત્મસ્થિરતા ન થઈ શકે તો, હે જીવ! શ્રદ્ધા તો આવી જ રાખજે કે મારે એક શુદ્ધ કારણપરમાત્મા સિવાય બીજું કાંઈ આદરણીય નથી. જીવ જો પોતાના શુદ્ધસ્વભાવને આદરણીય જાણીને તેના શ્રદ્ધા-જ્ઞાન કરશે તો તે તરફના વિશેષ પુરુષાર્થથી તેમાં સ્થિરતા પ્રગટ કરતાં અશુદ્ધભાવો ટળી જશે ને મુક્તિ થશે; પણ જો શુદ્ધાત્મા સિવાય બીજા ભાવોને આદરણીય જાણશે તો કદી પણ શુદ્ધભાવ પ્રગટશે નહિ.

નાના બાળક પાસે સો રૂપિયાની કિંમતનો દાગીનો હોય, પણ જો કોઈ તેને બે પૈસાની કિંમતનો પેંડો આપે તો તે દાગીનો આપી દે. કેમ કે તેણે દાગીનાની કિંમત જાણી નથી, ને પેંડાની મીઠાશ લાગે છે. તેમ અજ્ઞાની જીવે પોતાના અખંડ એકરૂપ નિરપેક્ષ સ્વભાવનો મહિમા જાણ્યો નથી તેથી તે પર્યાય જેટલો જ આત્માને માનીને આખા સ્વભાવને ભૂલી જાય છે. તેને રાગની-પુણ્યની મીઠાસ છે. એક ક્ષણિક વિકલ્પમાં આખો આત્મા વેંચી દેવો તે અજ્ઞાન છે—દુઃખ છે—અધર્મ છે. અને 'વિકલ્પ જેટલો હું નથી, હું તો વિકલ્પથી પાર સદાય એકરૂપ રહેનાર છું' એવા શ્રદ્ધા-જ્ઞાનવડે આખા આત્માને વિકારથી જુદો ટકાવી રાખવો તે સમ્યગ્દર્શન છે—સુખ છે-ધર્મ છે. જ્યાં સુધી પોતાનો આખો સ્વભાવ કેવો છે તેની ઓળખાણ અને મહિમા ન કરે ત્યાં સુધી જીવને ધર્મ થાય નહિ.

સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધાત્મા કેવો છે? અર્થાત્ બધા જીવોને આદરણીય એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ શું છે? તે હવે આચાર્યદેવ વર્ણવે છે : "ઔદયિકાદિ ચાર અન્ય ભાવોથી અગોચર હોવાથી દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મની ઉપાધિથી ઉપજેલા વિભાવગુણપર્યાયોથી રહિત છે, અનાદિનિધન અમૂર્ત અતીન્દ્રિય-સ્વભાવરૂપ શુદ્ધસહજપરમપારિણામિકભાવસ્વરૂપ કારણ પરમાત્મા છે—એવો આ આત્મા છે."

(ક્રમશઃ)

**ઐસે મિથ્યા દગ-જ્ઞાન-ચર્ણ,-વશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;**
**તાતૈં ઇનકો તજિયે સુજાન સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧. –શ્રી છઢાળા**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય અંતરાત્માનું સ્વરૂપ કહે છે :—

**पंचमहव्वयजुत्ता, धम्मे सुक्के वि संठिदा णिच्चं।**
**णिज्जियसयलपमाया, उक्किट्ठा अंतरा होंति ॥१९५॥**
**सावयगुणेहिं जुत्ता, पमत्तविरदा य मज्झिमा होंति।**
**जिणवयणे अणुरत्ता, उवसमसीला महासत्ता ॥१९६॥**
**अविरयसम्माद्दिट्ठी होंति, जहण्णा जिणिंदपयभत्ता।**
**अप्पाणं णिंदंता गुणगहणे सुट्ठुअणुरत्ता ॥१९७॥**

અર્થ :—જે જીવ પંચમહાવ્રતોથી યુક્ત હોય, નિત્ય ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં રહેતો હોય અને જીત્યા છે નિદ્રા આદિ પ્રમાદો જેણે તે ઉત્કૃષ્ટ અંતરાત્મા છે.

જે જીવ શ્રાવકના વ્રતોથી સંયુક્ત હોય વા પ્રમત્તગુણસ્થાનથી યુક્ત જે મુનિ હોય તે મધ્યમ અંતરાત્મા છે. કેવા છે તેઓ? શ્રી જિનેન્દ્રવચનમાં અનુરક્ત-લીન છે, મંદકષાય-ઉપશમભાવરૂપ છે સ્વભાવ જેમનો, મહા પરાક્રમી છે, પરિષહાદિ સહન કરવામાં દૃઢ છે અને ઉપસર્ગ આવતાં પ્રતિજ્ઞાથી જે ચલિત થતા નથી.

જે જીવ અવિરતસમ્યગ્દૃષ્ટિ છે અર્થાત્ સમ્યગ્દર્શન તો જેમને છે પણ ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારણ કરી શકતા નથી તે જઘન્ય અંતરાત્મા છે. તે કેવા છે? જિનેન્દ્રનાં ચરણોના ઉપાસક છે અર્થાત્ જિનેન્દ્ર, તેમની વાણી તથા તેમને અનુસરનારા નિર્ગ્રંથગુરુની ભક્તિમાં તત્પર છે, પોતાના આત્માને સદાય નિંદતા રહે છે, ચારિત્રમોહના ઉદયથી વ્રત ધાર્યાં જતાં નથી પરંતુ તેની ભાવના નિરંતર રહે છે, તેથી પોતાના વિભાવભાવોની નિંદા કરતા જ રહે છે, ગુણોના ગ્રહણમાં સમ્યક્ પ્રકારથી અનુરાગી છે, જેમનામાં સમ્યગ્દર્શનાદિ ગુણ દેખે તેમના પ્રત્યે અત્યંત અનુરાગરૂપ પ્રવર્તે છે, ગુણો વડે પોતાનું અને પરનું હિત જાણ્યું છે તેથી ગુણો પ્રત્યે અનુરાગ જ થાય છે. એ પ્રમાણે ત્રણ પ્રકારના અંતરાત્મા કહ્યા તે ગુણસ્થાન અપેક્ષાએ જાણવા.

**જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ;**
**ચેતનકો હૈ ઉપયોગ રૂપ, બિનમૂરત ચિન્મૂરત અનૂપ. ૨. —શ્રી છઢાળા**

ભાવાર્થ :—ચોથા ગુણસ્થાનવર્તી જઘન્ય અંતરાત્મા છે, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી મધ્યમ અંતરાત્મા છે તથા સાતમાથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના (સાધકો) ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવા.

હવે, ઉત્કૃષ્ટ અંતરાત્માનું સ્વરૂપ કહે છે.

અહીંયા સાતમાથી બારમા ગુણસ્થાન સુધીનાને ઉત્કૃષ્ટ અંતરાત્મા માનવામાં આવ્યા છે.

જુઓ, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક અને છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની આ વાત છે. તેઓ શ્રી જિનવચનમાં અનુરત છે, વીતરાગના ચરણકમળના ભક્ત છે, મહા ઉપશાંત મંદકષાયી છે તથા મહા પરાક્રમી છે. સમાજની, પરિવારની તથા અન્ય સંયોગોની કોઈપણ પ્રતિકૂળતા આવવા છતાં પણ મહાપરાક્રમપૂર્વક સહન કરવાવાળા છે. પુરુષાર્થમાં સિંહ સમાન છે. તેઓ વીતરાગમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગનું અનુસરણ કરતા નથી. શ્રાવક પણ મહાપરાક્રમી છે. ઉપશમભાવ તેમનો સ્વભાવ થઈ ગયો છે એટલે સહજશક્તિ અને મંદકષાય વર્તે છે. શ્રાવક અથવા મુનિને દુનિયાની પરવા નથી. ધર્માત્માને સ્વભાવના અવલંબનથી એવું પરાક્રમ વર્તે છે કે ગમે તેવા ઉપસર્ગમાં પણ પ્રતિજ્ઞાથી ડગતા નથી. અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગ આવે પણ તે ધર્માત્મા પોતાની પ્રતિજ્ઞાથી ડગતા નથી—એવા જીવ મધ્યમ અંતરાત્મા છે.

હવે, જઘન્ય અંતરાત્માનું સ્વરૂપ આ પ્રમાણે છે.

ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. તે જિનેન્દ્રદેવના ચરણકમળના ઉપાસક છે, અંતરમાં ચિદાનંદ ભગવાનની ઉપાસના અને બાહરમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ઉપાસના, પૂજા-ભક્તિ કરે છે. સમ્યગ્દષ્ટિ જીવ, તેમના સિવાય અન્ય કોઈને માનતો નથી. તે શ્રી જિનેન્દ્રદેવની વાણી તથા તેમની પરંપરામાં નિર્ગ્રંથ સંતો દ્વારા કહેલી વાણીની ભક્તિમાં તત્પર છે.

શ્રી કુંદકુંદાચાર્ય, ધરસેનાચાર્ય, અકલંકદેવાચાર્ય, સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ નિર્ગ્રંથ સંત પુરુષોની ભક્તિમાં સમ્યગ્દષ્ટિ રત છે. તે ધર્મી જીવ તેમના સિવાય અન્ય કુગુરુને માનતો નથી. આહાહા ! ક્યાં વીતરાગી સંત-મુનિ અને ક્યાં આ રાગ. આ પ્રમાણે તેને પોતાના અવિરતપરિણામનો ખેદ વર્તે છે, માટે તે પોતાના આત્માની નિંદા કરે છે. સમ્યગ્દષ્ટિને સ્વભાવની પ્રબળતાનું ભાન છે પરંતુ અત્યારે પર્યાય હીન છે

**પુદ્ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;**
**તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન. ૩. –શ્રી છઢાળા**

સમ્યગ્દર્શન હોવા છતાં પણ ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારણ કરી નથી શકતા—આ કથન નિમિત્તની અપેક્ષાએ છે.

શ્રોતા : સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહનો ઉદય કેમ વર્તે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાઈ ! અહીંયા પોતાની યોગ્યતા વિના સામે નિમિત્ત થઈ શકતું નથી. હકીકત એ છે કે પોતાનો પુરુષાર્થ ઉગ્ર નથી માટે વ્રત ધારણ નથી કરી શકતો પરંતુ તેની (વ્રત, સંયમાદિની) ભાવના તો નિરંતર રહ્યા કરે છે.

અહો ! ક્યારે નિર્ગ્રંથ મુનિદશા પ્રગટ કરીશું !—એવી ભાવના સમ્યગ્દષ્ટિને નિરંતર વર્તે છે. અને તે વિભાવની નિંદા કરતા થકા સમ્યગ્દર્શન આદિ ગુણો પ્રતિ અનુરાગી છે. જેને પોતાની સાચી શ્રદ્ધા અને સાચું જ્ઞાન થયું હોય, તેનું તેજ છુપું રહી શકતું નથી. બીજા સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક જીવો પ્રતિ તેને અત્યંત પ્રેમ હોય છે. ધર્માત્માને જોઈને અનુરાગ આવે છે કારણ કે સ્વયંના ગુણની પ્રીતિ અને બહુમાન છે, માટે બીજા જીવોમાં પણ ગુણ જોતા તેમના પ્રતિ બહુમાન અને આદરભાવ આવે છે. બીજાની અપેક્ષા સમ્યગ્દર્શનના ધારક જીવોમાં તેને અંતર પડી ગયું છે. એવા અવિરત સમ્યગ્દષ્ટિ ધર્માત્મા જઘન્ય અંતરાત્મા છે.

તાત્પર્ય એ છે કે—

— ચોથા ગુણસ્થાનવર્તી અવિરત સમ્યગ્દષ્ટિ ધર્માત્મા, જઘન્ય અંતરાત્મા છે.

— પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક અને છઠ્ઠે ગુણસ્થાનવર્તી મુનિરાજ, મધ્યમ અંતરાત્મા છે.

— સાતમાથી લઈને બારમા ગુણસ્થાન સુધીના સાધક મુનિરાજ, ઉત્કૃષ્ટ અંતરાત્મા છે. આ પ્રમાણે અંતરાત્માના ત્રણ ભેદ જાણવા જોઈએ. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (અનુભવપ્રકાશ પ્રવચન)

પર છે, તેને પોતાની માને છે.'' આ સુંદર શરીરમાં ઈયળો પડશે એ અમે જાણ્યું ન હતું. આ છોકરો વિરુદ્ધ થયો.'' વગેરે પ્રકારે માની પોતાના ભાવથી દુઃખી થાય છે. પોતે રાગ-દ્વેષ કરી દુઃખની ભાવના કરી ભવ બનાવ્યા છે. કર્મોએ ભવ કરાવ્યા નથી. સંયોગોનો વિશ્વાસ કરે, રાગમાં સુખ માને, તે માન્યતા દુખની દાતાર છે. 'પૈસા ભેગા કર્યા પછી ધર્મ કરશું,' એ ઊંધી ભાવના છે. પોતાના સ્વભાવમાં રાગ નથી છતાં રાગ ઊભો કર્યો છે. (ક્રમશઃ)

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

શરીરે સુખી તો સુખી સર્વ વાતે—એમ મૂઢ અજ્ઞાની મિથ્યાત્વ—વાસનાથી માને છે. જડ પદાર્થમાં જેમ રંગ-રૂપ આદિ ગુણ છે તેમ આત્મા પણ એક પદાર્થ હોવાથી તેમાં પણ જ્ઞાન, દર્શન, શાંતિ, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિ અનંત ગુણો ભર્યા છે ને એવો આત્મા તે હું છું—એમ જે માનતો નથી, એવી દૃષ્ટિ કરતો નથી, તે પર પદાર્થથી મને સુખ થાય, દેહાદિ મને ઉપકારક છે એવી માન્યતા મિથ્યા કલ્પનાથી કરે છે.

મારાથી મારું જ્ઞાન છે, પરથી નથી, મારાથી મારો આનંદ છે, પરથી નથી—એમ ન માનતા આ દેહ મને ઉપકારક છે, પૈસા એને ઉપકારક છે ઈત્યાદિ કલ્પના મિથ્યાભ્રાંતિથી અજ્ઞાની ઊભી કરે છે, અધર્મભાવ ઊભો કરે છે કે જે આત્માના ધર્મસ્વભાવમાં નથી. દેવમાં મનુષ્ય કરતાં સુખ છે, ઠીક છે એમ પહેલાં કહીને હવે એ વાત અહીં ઉડાડી છે.

અરે ભગવાન ! તને મારી કિંમત નથી ને પરપદાર્થને તું કિંમત આપે છે કે દેહ સારો, પૈસા સારા.... પણ તું પોતે સારો છે કે નહીં ?—એની તો તને ખબર નથી. બાપુ પૈસાદિ સારા—એ તો વાસનામાત્ર તારી કલ્પના છે. ભગવાન આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ અવિકારી શીતળશિલા છે—એમાં પોતાના સુખ ને શાંતિ ન દેખતા અજ્ઞાની જીવ સ્ત્રી-પુત્ર-પૈસા આદિમાં મને સુખ છે એવી વાસનામાત્ર મિથ્યા કલ્પના ઊભી કરે છે.

અજ્ઞાનીને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાની ખબર નથી, તેથી દેહાદિ મને સુખરૂપ છે, ઉપકારક છે એવી માન્યતાથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે. અજ્ઞાનીએ પોતે મિથ્યાભ્રમથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે, કર્મે ઊભી કરેલી છે એમ નથી. તત્ત્વજ્ઞાનનો અભાવ છે માટે પોતે ઊભી કરે છે, કર્મ બિચારા જડ પદાર્થ છે, તે શું કરે ? આત્માના જ્ઞાન-આનંદ સ્વરૂપને ભૂલીને તું પોતે એવી વાસના ઊભી કરે છે કે દેહાદિ પદાર્થ જીવને ઉપકારક છે. ઘડિયાલ, દાગીના કે કપડા લત્તાથી હું આવો છું, જડની ક્રિયા મારી છે—એમ માનતો થકો શરીરની અવસ્થા તે મારી છે ને તેનાથી હું શોભું છું એવી મિથ્યાભ્રમણા અજ્ઞાની ઊભી કરે છે. શરીર હોય તો દયા પળાય, વ્રત પળાય, ઈત્યાદિ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ મિથ્યા વાસનાને સેવે છે.

મૈં સુખી દુખી, મૈં રંક રાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;
મેરે સુત તિય, મૈં સબલ દીન, બેરૂપ સુભગ મૂરખ પ્રવીન. ૪. –શ્રી છઢાળા

દેહાદિ પદાર્થ જીવના ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી. શરીરમાં રોગ, નિર્ધનતા, પ્રતિકૂળ ચીજો આત્માને અપકારક, નુકશાનકારક છે જ નહીં. મૂઢ જીવે માન્યું કે મને આ પ્રતિકૂળતા! એવી કલ્પનાની વાસના તેને અપકાર—નુકસાન કરે છે. બાકી પર વસ્તુ નુકસાનકર્તા છે જ નહીં.

આ સમ્યગ્જ્ઞાનની કેળવણીની નિશાળ ચાલે છે. કહે છે કે ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! આ ઈન્દ્રિયો તો જડ-માટી છે. એનાથી તને કાંઈક ઠીક લાગે એ તારી વાસના જ મિથ્યાત્વ છે. આ ઈન્દ્રિયો અનુકૂળ હોય તો મને ઠીક કામ આપે છે એ તારી મિથ્યા માન્યતા છે. કેમકે એ તો જડની ક્રિયા છે, ઈ તને શું કામ આપે? ઈન્દ્રિયાદિ કામ બરાબર આપે છે ને બરાબર કામ નથી આપતી એ માન્યતા જ મૂઢ જીવની છે, કેમકે એ તો જડ પદાર્થ છે, જગતના અસ્તિ ધરાવતા તત્ત્વો છે, તેથી તે આત્માને કામ આપે કે ન આપે એ વાત આવે છે જ ક્યાં? એ તત્ત્વો પોતે કામ વિનાના કે દિ' છે કે તને કામ આપે? દરેક ચીજોમાં ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે એ એનું કામ છે, એ તને શું કામ આપે? પણ અરેરે! એણે કોઈદિ' પોતાની આ વાત સાંભળી નથી ને આત્મા રાંકો-ભિખારી થઈ ગયો છે!—કે મારે આ પરવસ્તુ વિના ચાલે નહીં, આ વસ્તુ વિના ચાલે નહીં! પણ એલા! પર વિના તારે ચાલે નહીં? પર તો સ્વતંત્ર ભિન્ન ચીજ છે. મારા આનંદ વિના મારે ચાલે નહીં—એવો જે આત્મા તેને ભૂલીને પર વિના મારે ચાલે નહીં એવી તેં મિથ્યા ભ્રમણા ઊભી કરી છે.

દેહાદિ પરપદાર્થ જીવને ઉપકાર કરનારા નથી પણ તારી વાસના છે કે આ મને ઉપકાર કરે છે. નુકસાન કરનારા પણ દેહાદિ પર પદાર્થ નથી, એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક પરવસ્તુ છે, પણ તને એમ થઈ જાય છે કે આ પ્રતિકૂળતા મને નુકસાન કરે છે—પણ એવી માન્યતા તને નુકસાન કરે છે.

હું કોણ છું, ક્યાં છું ને કેમ છું?—એના ભાન વિના રાગની ક્રિયાઓ કે પરની ક્રિયાઓ મને સુખરૂપ થાય એવી માન્યતા મિથ્યાત્વની વાસનામાત્ર છે. જડની દશા આત્માથી થાય ને આત્માની દશા જડથી થાય એમ માનનારે જડ ને આત્મા એક માન્યા છે, એમ માનનારા મૂઢ છે. અરે ભગવાન! આવો મનુષ્યભવ તને મળ્યો ને એમાં બે દ્રવ્યોની એકતાબુદ્ધિ રહેશે ત્યાં સુધી મિથ્યાભાવ ટળશે નહીં. મિથ્યાદર્શનનું સૂક્ષ્મ શલ્ય એને અનાદિથી ચારેગતિમાં રખડાવે છે.

**તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન;**
**રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન. ૫. –શ્રી છઢાળા**

દેહાદિ પદાર્થ જીવને ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી માટે પરમાર્થે ઉપેક્ષણીય જ છે, જાણવાલાયક છે, ઉપેક્ષા કરવાલાયક દેહાદિ પરપદાર્થ નથી. આત્મા સિવાયના દેહ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિ બધું ઉપેક્ષા કરવાલાયક છે, અપેક્ષા કરવાલાયક એટલે ઠીક-અઠીક છે એમ કરવાલાયક નથી પણ ઉપેક્ષા એટલે કે છે એમ જાણવાલાયક છે. આદર કરવાલાયક નથી પણ ઉપેક્ષા કરવાલાયક છે.

ઠીક-અઠીકની વાસના ઊભી કરી છે તે પોતે, હવે તું તેને છોડ એમ કહે છે. બાહ્ય પદાર્થોની પ્રતિકૂળતાના ઘેરે ઘેરાયેલો હોય એને એમ લાગે છે કે આ મને દુઃખરૂપ છે.પણ ભાઈ ! એ તો બાહ્ય ચીજો છે, એ તો એમ ને એમ પડી છે, એ તો જગતના અનાદિના તત્ત્વો છે, કાંઈ નવા ઊભો થયેલા તત્ત્વો નથી. તેનાથી તને દુઃખ કેમ થાય ? જ્યાં આનંદ છે તે આત્માને ભૂલીને આ પરપદાર્થો મને ઠીક-અઠીક છે એવી માન્યતા તને દુઃખરૂપ છે. દુઃખ નથી પરપદાર્થમાં કે દુઃખ નથી સ્વભાવમાં, આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પીંડ છે પણ એને ભૂલીને આ પરપદાર્થ મને ઉપકારક છે ને આ પરપદાર્થ મને અપકારક છે એમ એની દશામાં ઊભી કરેલી વાસના તે દુઃખરૂપ છે, વસ્તુ દુઃખરૂપ ન હોઈ શકે, નવી દશા-વાસના ઊભી કરે છે તે દુઃખરૂપ છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઉઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે. ૨૯.

એ રીતે વર્ણાદિક, રાગાદિક તથા માર્ગણાસ્થાનાદિ ભાવો જીવને નથી. આત્માથી તેઓ ભિન્ન છે. પોતાની પર્યાય ચૈતન્યજ્ઞાનઘનવસ્તુમાં વળતાં તે બધા ભેદો ભિન્ન રહી જાય છે. જ્ઞાયકભાવને અંતર્દૃષ્ટિ વડે દેખતાં, માત્ર એક પરમ ઉત્કૃષ્ટ સામાન્ય દ્રવ્ય જે દેખવામાં આવે છે, તેમાં ભેદો દેખાતા નથી માટે તેઓ પુદ્‌ગલના પરિણામમય છે. પરમાર્થનય અભેદ સ્વરૂપને બતાવે છે, તેમાં પર્યાયના ભેદોનો સ્વીકાર નથી. પરમાર્થનયની દષ્ટિમાં પુરુષ-આત્મા કેવળ એક ચૈતન્યસ્વભાવરૂપ જ દેખાય છે.

એક સમયમાં વર્તમાનમાં પૂર્ણ ચૈતન્યઘન, ચૈતન્યનો પ્રવાહ, ધ્રુવનો અનાદિનો અભેદ પ્રવાહ છે તેમાં ભેદ કેવો ? માટે નિમિત્તનું, વિકલ્પનું તથા ગુણસ્થાનાદિ ભેદનું લક્ષ છોડીને કેવળ એક સર્વોપરી અંતઃતત્ત્વને જ દેખો, આરાધો. પરમાત્મા થવાની આ એક જ વિધિ, રીત તથા કળા છે. (ક્રમશઃ)

**શુભ-અશુભ બંધકે ફલ મંઝાર, રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;**
**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈં આપકૂં કષ્ટદાન. ૬. –શ્રી છઢાળા**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

કોઈ વાર શ્રૃંગાર બતાવે, કોઈ વાર ફોજ દેખે, પણ ત્યાં ફોજ નથી, બધી ઈન્દ્રજાળ ખોટી છે. બધા કહે છે કે આ ઈન્દ્રજાળ જૂઠી છે, એમાં જરાપણ સાચ નથી.

એ જ પ્રમાણે દેવ, નર, નારકી અને તિર્યંચના શરીર જડ છે તેમાં તારી સત્તા નથી. તારી હયાતી તારામાં છે—એમ દૃષ્ટિ કર. દૃષ્ટિએ દોલત દેખાય તેમ છે. અનંત શરીર ધારણ કર્યા તેમાં આત્મા નથી. શરીર પાતળું હોય કે જાડું હોય તે બધું ઈન્દ્રજાળ સમાન છે, માટે શરીરની રુચિ છોડ; તારા ચેતનનો અંશ એમાં નથી, તે તારામાં પેઠા નથી. ભ્રમણાથી શરીરને શણગારે, પોતે દાગીના પહેર્યા હોય તો ગામને બતાવે, પોતાના શાંત ભાવને ચૂકી ગયો છે. ખાવાપીવાના પદાર્થથી તથા ગુલાબ-અત્તર વગેરે લગાવીને શરીરનું અનેક પ્રકારે જતન કરે છે તે વ્યર્થ છે. એક વાર આત્માની રુચિ તો કર. દૃષ્ટિ સાચી કર. જે સંયોગો આવવાના તે આવવાના, તેને કોઈ ફેરવવા સમર્થ નથી. પણ હું જ્ઞાયક છું—એવી દૃષ્ટિ કર ને તેમાં લીનતા કર તો સુખી થઈશ.

કોઈકના ઝવેરાતથી જીવ હરખાય તે વ્યર્થ છે. જડના શણગારને પોતાનો માને, જૂઠમાં જ આનંદ માની માની હરખાય છે, શરીર, મન, વાણી મડદાં છે તેની સાથે સગપણ કર્યું છે, તેની રુચિ કરે છે, તેનો સંબંધ તોડ, તે વસ્તુ તો પર છે, પણ તેની સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વિકલ્પ પણ આત્મામાં નથી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર. મડદાં સાથે સગાઈ કરવાથી કાર્ય ન સુધરે એટલે કે લગ્ન ન થાય, તેમ જડ પદાર્થો સાથે એકત્વબુદ્ધિથી સુખ નહીં મળે, માટે પરની રુચિ છોડ ને તારા જ્ઞાયકસ્વભાવની રુચિ કર—એમ કહેવાનો આશય છે.

આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. તેની પ્રતીતિ ને લીનતા તે આત્માનો અનુભવ છે ને તે ધર્મ છે. તે અનુભવના સ્વાદ વિના અજ્ઞાની શું કરે છે તે વાત ચાલે છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. શરીર, કર્મ આદિ અજીવ છે. પુણ્ય-પાપ વિકાર છે; જડ અને વિકારની સાથે જે એકત્વબુદ્ધિ કરે છે તેને આત્માનો અનુભવ થતો નથી, તેને સંસારનો

રોકે ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;
યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન. ૭. –શ્રી છઢાળા

અનુભવ છે. શરીર, મન, વાણી, બૈરાં-છોકરાંનો અનુભવ જીવ કરતો નથી. જીવ કાં તો સ્વભાવનો અનુભવ કરે અથવા વિકારનો અનુભવ કરે. રાગને અનુભવી અજ્ઞાની મજા માને છે.

જેમ કૂતરો હાડકાંને ચાવે છે અને તેથી પોતાના ગાલ, ગળું ને પેઢાંમાંથી લોહી ઊતરે તેને જાણે કે સારો સ્વાદ આવે છે. ત્યાં હાડકાનો સ્વાદ નથી પણ લોહીનો સ્વાદ છે; તેમ ચિદાનંદ આત્માની રુચિ છોડીને મૂઢ જીવ સ્ત્રી, લક્ષ્મી, લાડવા-દૂધપાક વગેરે જે પદાર્થો હાડકાં સમાન છે તેમાં સુખ માને છે. ત્યાં પર-ચીજોનો સ્વાદ નથી પણ પોતાની એકાગ્રતારૂપી રાગનો સ્વાદ આવે છે. હરખ-શોક દુઃખમય છે. ચક્રવર્તી તથા ઇન્દ્ર વગેરે સમકિતી સમજે છે કે પરમાં સુખ નથી. અજ્ઞાની પરમાં સુખ માને છે. અમારે બે-પાંચ લાખની મૂડી છે, અમારે મોટા મહેલ છે—એમ માની તેમાં સુખ માને છે.

વિકારની પરિણતિ, હરખ-શોક, બધો પર-ફંદ છે. જ્ઞાન ને આનંદસ્વભાવમાંથી આનંદના ઝરણાં આવવાં જોઈએ, તેને બદલે પર ચીજોમાં સુખ માને છે. પોતે સિદ્ધસ્વરૂપી છે તેને ભૂલી પર-ફંદમાં સુખ માને છે. વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તે પણ પર-ફંદ છે. તેને સુખનો ફંદ માને છે. વ્રત, ભક્તિ આદિની વૃત્તિ ઊઠે તે વિકાર છે, તે આત્માનું સ્વરૂપ નથી. પોતાના શાંત સ્વરૂપમાં એકાગ્રતા છોડી રાગની એકાગ્રતા કરે છે તે દુઃખ છે.

શરીરને અગ્નિની ઝાળ લાગે ત્યારે કહે કે મારે જ્યોતિનો પ્રવેશ થાય છે ! જો કોઈ એ અગ્નિજ્વાળા બુઝાવે તો તેનાથી લડે, કેમ કે તેવો અજ્ઞાની જીવ અગ્નિને દેવી માને છે, તેથી બુઝાવનાર પ્રત્યે દ્વેષ કરે છે. અજ્ઞાની બાઈ પતિ પાછળ સતી થાય છે, તે બધો અજ્ઞાનભાવ છે. તે અગ્નિમાં પડે ને કોઈ બુઝાવે તો દ્વેષ કરે; તેમ લક્ષ્મી, કુટુંબ, મહેલ વગેરે તરફની તૃષ્ણા તે અગ્નિ છે. તેમાં કોઈ પદાર્થો કોઈ લઈ લ્યે, પૈસા લઈ લ્યે તો તેને શત્રુની જેમ દેખે ને ક્રોધ કરે, જ્યારે ધર્માત્મા તેવા પ્રસંગે વૈરાગ્યભાવના કરે છે.

"એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો."

અહો ! શરીર મારે જોઈતું નથી, જેને જોઈતું હોય તે લઈ જાઓ. દુઃખના નિમિત્તો લૂંટો તો લૂંટો, છેદો તો છેદો, બાળો તો બાળો, અમે તો આનંદમૂર્તિ છીએ, એમાંથી

**ઇન જુત વિષયનિમેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;**
**યોં મિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબ જે ગૃહીત સુનિયે સુ તેહ. ૮. –શ્રી છઢાળા**

આનંદના ઝરણા વહે છે. શરીરાદિ દુઃખના નિમિત્તો છે. સિંહ આવે છે તેને શરીર ખોરાક માટે જોઈએ છે ને અમારે જોઈતું નથી. જેમ કોઈને ઘરમાંથી સર્પ કાઢવો હોય ને વાદી સર્પને લેવા આવે તો મેળ ખાઈ જાય છે, તેમ ધર્માત્મા અંતરસ્વરૂપમાં વધી ગયો છે, શરીર તેના કાળે છૂટશે. જેને શરીર જોઈતું હોય તે અમારા મિત્ર છે. ધર્માત્માને મિત્રદૃષ્ટિ છે. અમે આત્મા છીએ, શરીર કોઈનું લીધું લેવાતું નથી પણ અમે જ્ઞાનસ્વભાવી છીએ, ત્રિકાળ રહેનાર છીએ. આમ સ્વભાવમાં સ્થિરતા થવાનો કાળ, શરીર છૂટવાનો કાળ ને સિંહને આવવાનો કાળ—બધો કાળ એક સાથે છે. આમ મેળ થઈ ગયો છે એમ સમજી જ્ઞાની સિંહને પણ મિત્ર સમજે છે. અજ્ઞાની સંયોગો ચોરનારને વૈરી સમજે છે. આમ દૃષ્ટિ ફેરે ફેર છે. બૈરાં, છોકરાં, મકાન, લક્ષ્મી વગેરે દુઃખના નિમિત્ત છે. તેને કોઈ લૂંટે તો અજ્ઞાની તેને શત્રુરૂપ દેખે છે. ધર્માત્માને સ્વભાવની રુચિ છે, તેથી સંયોગની રુચિ છૂટી ગઈ છે. તેને શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ છે. અજ્ઞાનીને સંયોગની રુચિ છે, સ્વભાવની રુચિ નથી. તેથી સંયોગો ખસી જતાં દ્વેષ કરે છે.

ભગવાન! જ્ઞાનસ્વભાવની રુચિ કર, સંયોગો એના કાળે આવશે ને જશે માટે દૃષ્ટિ ફેરવ. દીકરો ઉડાઉ થાય તો બાપ નારાજ થાય. પૈસા અમે પરસેવા ઉતાર્યા છે ને તું ઉડાવ્યા કરે છે? એમ કહી તેના ઉપર કોપ કરે. અહીં દૃષ્ટિ ફેરવવાની વાત કરે છે.

પરમાં સુખ માની જીવ પોતાને ભૂલ્યો. ભોગ વખતે સ્વભાવને યાદ કરતો નથી. ચોરાશી લાખ યોનિમાં કૂતરા, કાગડા, દેવ, શેઠ વગેરે ભવોમાં પર ચીજોને પોતાની માની તેથી ઘણા કાળનો ચોર થયો છે, અનાદિકાળથી ચિદાનંદ નિજસંપદા ચૂકી વિકારને મારો માની પરનો ચોર થયો છે. ચોરાશીના અવતારમાં રખડ્યો છે. હું આનંદકંદ છું, તેને યાદ કરતો નથી. જૈનસાધુ થયો ત્યારે પણ નિજરૂપમાં ધર્મ ન માન્યો. પાંચ મહાવ્રતાદિમાં ધર્મ માન્યો, તે પણ ચોરાશીમાં રખડનાર છે.

આત્માના સ્વભાવને ચૂકી પુણ્ય-પાપથી લાભ માની, પરમાં સુખ માની રહ્યો છે. જન્માદિ દુઃખ દંડ પામે છે તોપણ પરવસ્તુની ચોરી છૂટતી નથી.

દેખો! આત્મા સ્વ-પરને જાણનાર ત્રણલોકનો નાથ છે તેને ભૂલી કીર્તિમાં, જલસામાં હરખ માને છે. પોતાનું ઊંચપદ જ્ઞાનપદ આદિ અંત વિનાનું છે. જે હોય તેને કોઈ બનાવે નહીં ને જે હોય તે નાશ ન પામે. પોતાની ભૂલથી પોતાના જ્ઞાનપદને

**જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પોષૈ ચિર દર્શનમોહ એવ;**
**અંતર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન-અંબરતૈં સનેહ. ૯. –શ્રી છઢાળા**

પીછાન્યું નહિ ને ભિખારી બની ડોલે છે. 'હે ભગવાન ! તમે પચીસ લાખની મૂડી આપી પણ સવાશેર માટીની ખામી રહી ગઈ'' એમ કહી દીકરાની માગણી કરે છે. પોતે જ્ઞાયકમૂર્તિને ભૂલી પોતાની નિધિને જોતો નથી, ભિખારી થઈ ડોલે છે. એક પૈસા માટે ડોલે. દુકાનદાર એક પૈસાના વેચાણ માટે હલકા ગ્રાહક પાસે ભિખારાવેડા કરે. ચૈતન્યના ભાનવાળાને રાગની મર્યાદા છે. રાગ સંયોગથી નથી ને સ્વભાવમાં નથી—એમ તે માને છે. અજ્ઞાની રાગમાં એકાગ્ર થાય છે. પોતે જાણનાર સત્તા છે તે કાંઈ દૂર નથી જ્ઞાયકજ્યોતને દેખવી દુર્લભ માની છે પણ દેખે તો સુલભ છે. રાગીને રાગ આવે ખરો પણ તેમાં આનંદ ન માન, ચેતનાનિધિ તો જાણનાર દેખનાર છે.

કોઈએ પૂછ્યું કે 'તું કોણ છો ?' તેણે કહ્યું કે 'હું મરેલ મડદું છું.' અથવા કહે કે 'હું મનુષ્ય છું'.—તો આ બોલે છે કોણ ? તો કહે 'હું જાણતો નથી.' તો આ શરીર છે, આ મનુષ્ય છે—એમ જાણ્યું કોણે ? ત્યારે સંભાર્યું કે હું જીવતો છું તેમ મનુષ્યશરીર જડ છે, શરીરની ને આત્મા એક હોય તો જાડા શરીરવાળાને જ્ઞાન વધારે હોવું જોઈએ ને પાતળા શરીરવાળાને જ્ઞાન થોડું હોવું જોઈએ પણ એમ નથી. મોટા હાથીને બુદ્ધિ ઓછી ને પાતળા મનુષ્યને બુદ્ધિ વધારે છે, માટે શરીર અને આત્મા જુદા છે.

અજ્ઞાની માને છે કે હું દેહ છું તો આ દેહમાં જે (સ્વ) માન્યતા કરી તે કોણ છે ? તે કહે 'હું નથી જાણતો' પણ એવો લવારો કોણે કર્યો ? આમ વિચાર કરે કે હું દેહને જાણું છું પણ મને જાણતો નથી તો આ શું છે ? હું દેખનાર છું, જાણનાર છું ને પરીક્ષા કરનાર છું. આ કપડું છે, આ ફટકડી છે—એમ પરીક્ષા કરે છે. તે ચીજોને કાંઈ ખબર નથી, જીવ પરીક્ષા કરે છે આમ પોતાને ખોજી, દેખનાર—જાણનારને પરખવામાં જોડાય તો સ્વરૂપને સંભારે ત્યાં સુખી થાય.

એક માણસ દારૂ પીને મસ્ત બન્યો ને પુરુષના આકારરૂપ થાંભલાને જોઈ તેને સાચો જાણી અંધારામાં તેની સાથે લડાઈ કરવા માંડ્યો, પોતે નીચે પડ્યો ને થાંભલો ઉપર પડ્યો, ત્યાં કહે કે હું હાર્યો. આ પ્રમાણે પરને પોતાનું માની દુઃખી થયો. અમે આટલાં પુણ્ય કર્યા તો ભોગવીએ છીએ—એમ પરને પોતાનું માની દુઃખી થયો. પોતના ચેતન સિવાય બધા અચેતન છે તે મને લાભ-નુકસાન કરશે એમ માની દુઃખી થયો. આમ મિથ્યાત્વનો કેફ ચડ્યો છે. નોકર સાથે, બૈરાં છોકરાં સાથે, લડ્યો તે બધી ચીજો

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**ધારૈં કુલિંગ લહિ મહતભાવ, તે કુગુરુ જન્મજલ ઉપલનાવ;**
**જો રાગદ્વેષ મલકરિ મલીન,વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન. ૧૦. –શ્રી છઢાળા**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## (૨૪) સામાન્ય–વિશેષ

દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ અને પર્યાય એટલે વસ્તુની વર્તમાન હાલત. દ્રવ્ય તે અંશી (આખી વસ્તુ) છે અને પર્યાય તેનો એક અંશ છે. 'અંશી'ને સામાન્ય કહેવાય છે, અને 'અંશ'ને વિશેષ કહેવાય છે, આ સામાન્ય–વિશેષ મળીને વસ્તુનું હોવાપણું છે. સામાન્ય-વિશેષ વગર કોઈ સત્ પદાર્થ હોતો નથી. સામાન્ય તે ધ્રુવ છે અને વિશેષ તે ઉત્પાદ-વ્યય છે. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्'.

જે વસ્તુ એક સમય છે તે વસ્તુ ત્રિકાળ છે, કેમકે વસ્તુનો નાશ નથી પણ રૂપાંતર છે. વસ્તુ પોતાની શક્તિથી (–સત્તાથી, અસ્તિત્વથી) ટકે છે, તેને કોઈ પરવસ્તુની મદદ નથી. આ નિયમને સહેલી ભાષામાં કહેવામાં આવે તો 'એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી.'

## (૨૫) સાચી સમજણની જરૂર

પ્રશ્ન :–આ બધું શા માટે સમજવું ?

ઉત્તર :–અનાદિથી ચાલ્યું આવતું અનંત દુઃખનું કારણ, મહાપાપરૂપ, મિથ્યાત્વ ટાળવા માટે આ બધું સમજવું જરૂરી છે. આ સમજતાં આત્મસ્વરૂપની સાચી ઓળખાણ થઈને સમ્યગ્દર્શન થાય છે અને સાચું સુખ પ્રગટે છે, માટે આ બરાબર સમજવાનો પ્રયત્ન કરવો.

### ધર્મની પહેલી ભૂમિકા ભાગ-૩

મિથ્યાત્વ એટલે આત્માના સ્વરૂપની ખોટી માન્યતા. મિથ્યાત્વ એ જ સૌથી મોટું પાપ છે અને તે જ હિંસા છે. આત્માની સાચી સમજણ વડે તે ટાળી શકાય છે. સાચી સમજણ કરતાં જ ધર્મની સત્ક્રિયા શરૂ થાય છે અને અધર્મરૂપ અસત્ ક્રિયાનો નાશ થાય છે. સાચી સમજણ વડે બાલ-યુવાન-વૃદ્ધ સૌ કોઈ જીવો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. માટે વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરવી જોઈએ. વસ્તુસ્વરૂપનું વર્ણન કરતાં નવ તત્ત્વો, દ્રવ્ય–પર્યાય, નિશ્ચય–વ્યવહાર, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિ-નાસ્તિ, નિત્ય-

**તે હૈં કુદેવ તિનકી જુ સેવ, શઠ કરત ન તિન ભવભ્રમણ છેવ;**
**રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧. –શ્રી છઢાળા**

અનિત્ય, સામાન્ય—વિશેષ વગેરેનું સ્વરૂપ ટૂંકમાં બતાવ્યું. હવે છ દ્રવ્યોની વિશેષપણે સિદ્ધિ કરીને વસ્તુસ્વરૂપ સંબંધી ખાસ જાણવા જેવી કેટલીક બાબતો જણાવવામાં આવે છે, અને છેવટ તેનું પ્રયોજન બતાવીને આ વિષય પૂરો કરવામાં આવે છે.

## (૨૬) વસ્તુના હોવાપણાનો નિર્ણય

પ્રશ્ન :—આત્મા અને પરમાણુ વસ્તુ છે એમ કહ્યું, પરંતુ જો પરમાણુ તે વસ્તુ હોય તો તે આંખે કેમ દેખાતાં નથી ? અને આત્મા પણ આંખથી કેમ જણાતો નથી ? જે વસ્તુ હોય તે આંખે જણાવી તો જોઈએ ને ?

ઉત્તર :—આંખથી દેખાય તેટલું જ માનવું—એ સિદ્ધાંત વ્યાજબી નથી. આંખથી દેખાય તો જ તે વસ્તુ હોઈ શકે એ માન્યતા બરાબર નથી. વસ્તુ આંખથી ન જણાય પણ જ્ઞાનમાં જાણી શકાય. એક છૂટો રજકણ (પરમાણુ) આંખ દ્વારા જાણી શકાતો નથી પણ જ્ઞાન દ્વારા તે નક્કી કરી શકાય છે. અનેક પરમાણુઓ ભેગા થઈને કાગળ, સોનું, લાકડું વગેરે દૃશ્યમાન સ્થૂળ પદાર્થોરૂપે થયા છે. તે ઉપરથી પરમાણુનું હોવાપણું નક્કી થઈ શકે છે. જે જે સ્થૂળ પદાર્થો દેખાય છે તે બધાય પરમાણુની જાતના (અચેતન વર્ણાદિ સહિત) જણાય છે. તેનો છેલ્લો અંશ તે પરમ-અણુ છે, આથી નક્કી થયું કે આંખથી ન દેખવા છતાં પરમાણુનું નિત્ય હોવાપણું જ્ઞાનમાં જણાય છે.

વળી, જો એમ કહેશો કે અમે તો નજરે જોઈએ તેટલું જ માનીએ, બીજું ન માનીએ; તો તેના સમાધાન માટે પૂછીએ છીએ કે—પોતાના સાત પેઢી પહેલાંના બાપને કોઈએ નજરે જોયો છે ? નજરે જોયો નથી, છતાં સાત પેઢી ઉપરનો બાપ હતો તેમ માને છે કે નહીં ? વર્તમાન પોતે છે અને પોતાને બાપ છે તેથી સાત પેઢી પહેલાનો બાપ પણ હતો. એમ નજરે જોયા વિના નિઃશંકપણે નક્કી કરે છે, પરંતુ ‘મારા સાત પેઢી પહેલાંના બાપને નજરે જોયા નથી માટે તે હશે કે નહીં’ એમ શંકા નથી. વસ્તુનું હોવાપણું આંખ વડે નથી થતું પણ જ્ઞાનવડે જ નક્કી થાય છે. અને એ રીતે જાણનારું જ્ઞાન પણ પ્રત્યક્ષ જ્ઞાન જેવું જ પ્રમાણભૂત છે.

જે કોઈ વસ્તુ વર્તમાન અવસ્થા ધારણ કરતી હોય તે વસ્તુ ત્રિકાળ ટકનાર હોય જ. જો ત્રિકાળીપણું ન હોય તો વર્તમાન પણ ન હોય. જે વર્તમાન અવસ્થા જણાય છે તે વસ્તુનું ત્રિકાળ હોવાપણું જાહેર કરે છે, વર્તમાનમાં પરમાણુની અવસ્થા આ ટોપીરૂપ છે

**જે ક્રિયા તિન્હૈં જાનહુ કુધર્મ, તિન સરધૈ જીવ લહૈ અશર્મ;**
**યાકૂં ગૃહીત મિથ્યાત્વ જાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન. ૧૨. –શ્રી છઢાળા**

તે એમ જાહેર કરે છે કે પૂર્વે અમે કપાસ, દોરા વગેરે અવસ્થારૂપે હતા અને ભવિષ્યમાં ધૂળ, અનાજ વગેરે અવસ્થારૂપે રહેવાના. આ રીતે વર્તમાન વસ્તુના ત્રિકાળ હોવાપણાની જાહેરાત કરે છે. હવે વિચારો કે દૂધ પલટીને દહી, દહીં પલટીને માખણ-ઘી, ઘી પલટીને વિષ્ટા એમ જે રૂપાંતર થયા કરે છે તેમાં મૂળ ટકનારી કઈ વસ્તુ છે કે જેના આધારે તે રૂપાંતર થયા કરે છે ? વિચાર કરતાં માલૂમ પડશે કે નિત્ય ટકનારી મૂળ વસ્તુ પરમાણુ છે અને પરમાણુઓ વસ્તુપણે નિત્ય ટકીને તેની અવસ્થામાં રૂપાંતર થયા કરે છે. આ રીતે સિદ્ધ થયું કે નજરે દેખી શકાતો ન હોવા છતાં પણ પરમાણુ વસ્તુ છે.

જેમ પરમાણુ હોવાપણું જ્ઞાન વડે નક્કી કરી શકાય છે તેવી રીતે આત્માનું હોવાપણું જ્ઞાન વડે નક્કી કરી શકાય છે. આત્મા ન હોય તો બધું કોણ જાણે ? અરે, 'આત્મા નથી' એવી શંકા પણ આત્મા સિવાય બીજું કોણ કરે ? આત્મા છે અને 'છે' માટે તે ત્રિકાળ ટકનાર છે.

જન્મથી મરણ સુધીનો જ આત્મા નથી. પરંતુ આત્મા ત્રિકાળ છે. જન્મ અને મરણ એ તો શરીરના સંયોગ અને વિયોગની અપેક્ષાએ છે, શરીરની અપેક્ષા કાઢી નાખો તો જન્મ-મરણ રહિત આત્મા સળંગપણે ત્રિકાળ છે. ખરેખર આત્માનો જન્મ થતો નથી તેમ જ આત્માનું મરણ થતું નથી. આત્મા તો શાશ્વત અવિનાશી વસ્તુ છે.

આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. તે પોતાથી છે, પણ શરીર વગેરે અન્ય પદાર્થોથી તે ટકેલો નથી એટલે કે આત્મા પરાધીન નથી. કર્મોને આધીન આત્મા નથી, આત્મા સ્વાધીન છે.

### (૨૭) જીવ અને અજીવ

'આત્મા કેવો છે' એમ પ્રશ્ન થતાં જ એટલું તો તેમાં આવી જ ગયું કે આત્માથી વિરુદ્ધ જાતિવાળા એવા બીજા પદાર્થો પણ છે અને તેનાથી આ આત્માનું હોવાપણું જુદું છે. એટલે આત્મા છે. આત્મા સિવાય પરવસ્તુ છે અને તે પરવસ્તુથી આત્માનું સ્વરૂપ જુદું છે, તેથી આત્મા પરવસ્તુનું કાંઈ કરી શકતો નથી એમ પણ આવી ગયું. આટલું યથાર્થ સમજે ત્યારે જીવ અને અજીવનું હોવાપણું નક્કી કર્યું કહેવાય.

જીવ પોતે જાણનારસ્વરૂપે છે એમ નક્કી કર્યું. તેમાં એ પણ આવી ગયું કે જીવ સિવાયના બીજા પદાર્થો જાણનારસ્વરૂપે નથી. જીવ જાણનાર છે—ચેતનસ્વરૂપ છે એમ

**એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિકપોષક અપ્રશસ્ત;**
**કપિલાદિ-રચિત શ્રુતકો અભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩. –શ્રી છઢાળા**

કહેવાનું કેમ બન્યું ? કારણ કે જાણપણાથી ખાલી—અચેતન એવા અજીવ પદાર્થો પણ છે. તે અજીવ પદાર્થોથી જીવનું જુદાપણું ઓળખી શકાય તે માટે જાણપણા ચિહ્ન વડે (ચેતનપણા વડે) જીવને ઓળખાવ્યો છે. જીવ સિવાયના બીજા કોઈ પણ પદાર્થોમાં જાણપણું નથી.

આ ઉપરથી જીવ અને અજીવ એવા બે જાતના પદાર્થોનું હોવાપણું નક્કી થયું. તેમાંથી જીવદ્રવ્યસંબંધી અત્યાર સુધીમાં ઘણું કહેવાઈ ગયું છે. અજીવ પદાર્થો પાંચ પ્રકારના છે, તેમનાં નામ—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ છે. આ રીતે કુલ છ દ્રવ્યો થયા—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. તેમાં એક જીવ જ જ્ઞાનવાળો છે, બાકીના પાંચે જ્ઞાન વગરના છે. તે પાંચે પદાર્થો જીવથી વિરુદ્ધ લક્ષણવાળા હોવાથી તેને 'અજીવ' અથવા તો જડ કહેવાય છે.

**(૨૮) હવે આ છ દ્રવ્યોની વિશેષપણે સાબિતિ કરવામાં આવે છે.**

જે સ્થૂળ પદાર્થો નજરે દેખાય છે એવા શરીર, પુસ્તક, પત્થર, લાકડું વગેરેમાં જ્ઞાન નથી એટલે કે તે અજીવ છે. તે પદાર્થોને તો અજ્ઞાની પણ જુએ છે. તે પદાર્થોમાં વધ-ઘટ થયા કરે છે. અર્થાત્ તે ભેગા થાય છે અને છૂટા પડે છે. આવા નજરે દેખાતા પદાર્થોને પુદ્ગલ કહેવાય છે. રંગ, ગંધ, રસ અને સ્પર્શ એ ગુણો પુદ્ગલ દ્રવ્યના છે, તેથી પુદ્ગલ દ્રવ્ય કાળું-ધોળું, સુગંધી-દુર્ગંધી, ખાટું-મીઠું, હલકું-ભારે વગેરે પ્રકારે જણાય છે. એ બધી પુદ્ગલની જ શક્તિ છે. જીવ તો કાળો-ધોળો, સુગંધી-દુર્ગંધી વગેરે રૂપે નથી, જીવ તો જ્ઞાનવાળો છે. શબ્દ અથડાય છે કે બોલાય છે તે પણ પુદ્ગલની જ હાલત છે. તે પુદ્ગલોથી જીવ જુદો છે. લોકોમાં બેભાન માણસને કહેવાય છે કે તારું ચેતન ક્યાં ઊડી ગયું ? એટલે કે આ શરીર, તો અજીવ છે, તે તો જાણતું નથી પણ જાણનારું જ્ઞાન ક્યાં ગયું ? અર્થાત્ જીવ ક્યાં ગયો ? આમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોની સાબિતી થઈ.

### ૩. આકાશ દ્રવ્ય

'આકાશ' નામનું દ્રવ્ય છે તેને લોકો અવ્યક્તપણે તો સ્વીકારે છે. 'અમુક મકાન વગેરે જગ્યાએ આકાશથી પાતાળ સુધી અમારો હક્ક છે' એમ દસ્તાવેજોમાં લખાવે છે એટલે કે આકાશથી પાતાળ સુધી કાંઈક એક વસ્તુ છે એમ નક્કી થયું. જો આકાશથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ-અનાત્મકે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪. –શ્રી છઢાળા**

# પ્રભુ તારી પ્રભુતા!
# એકવાર હા તો; પાડ!

હે જીવ ! હે પ્રભુ ! તું કોણ છો, તેનો કદી વિચાર કર્યો છે ? ક્યું તારું રહેઠાણ અને ક્યું તારું કાર્ય તેની તને ખબર છે ? પ્રભુ ! વિચાર તો ખરો કે તું ક્યાં છે અને આ બધું શું છે ? તને કેમ શાંતિ નથી ?

પ્રભુ ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો. પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ ! ખરેખર તું ઘર ભૂલ્યો છો, ભૂલો પડ્યો છો, પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો; પણ બાપુ ! એમ અશાંતિના અંત નહીં આવે !

ભગવાન ! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો ! તું પ્રભુ છો, તું સિદ્ધ છો, પ્રભુ ! તું તારા સ્વઘરને જો, પરમાં ન જો. પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છો, હવે તારા અંતરસ્વરૂપ તરફ નજર તો કર ! એકવાર તો અંદર જો ! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો ! એકવાર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો'

પ્રભુ ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ !



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—કૃપા કરીને થોડા વિસ્તારથી સમજાવો, અમે તો વિસ્તાર-રુચિવાળા છીએ?

ઉત્તર :—આત્મા કર્તા થઈને પર્યાયને કરે છે એમ કહેવાય પણ ખરેખર તો પર્યાય પોતે ષટ્કારકથી ક્રિયારૂપે સ્વતંત્ર પરિણમે છે. ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરવાનું આવે છે ત્યાં પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર કર્તા થઈને આશ્રય કરે છે—લક્ષ કરે છે. વીતરાગી પર્યાયનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું લક્ષ—આશ્રય ત્રિકાળી દ્રવ્ય છે પણ તે લક્ષ પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર કર્તા થઈને કરે છે—પરિણમે છે. પર્યાય અહેતુક સત્ છે ને! વિકારી પર્યાય પણ પરની અપેક્ષા વિના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે તેમ પંચાસ્તિકાય ગાથા ૬૨માં કહ્યું છે. આહાહા! વિકારી કે અવિકારી પર્યાય પોતે ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર પરિણમે છે—ઉત્પન્ન થાય છે. આહાહા! સ્વતંત્રતાની આવી વાત બેસે એના કર્મના ભૂક્કા ઊડી જાય! જેની યોગ્યતા હોય તેને બેસે. વીરલા જ આવી વાત સાંભળનારા હોય, આ સાંભળનારના ટોળા ન હોય.

પ્રશ્ન :—વિકારી પર્યાયને દ્રવ્યથી ભિન્ન અને શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કેમ કહેવાય છે?

ઉત્તર :—વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે, પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે—શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે, પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બંનેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે—લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે પણ તેથી દ્રવ્ય-પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બન્નેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી.

અશુદ્ધ પર્યાય (પર્યાયાર્થિકનયથી) દ્રવ્યથી અભિન્ન છે તેથી દ્રવ્ય પણ અશુદ્ધ છે તેમ કોઈ કહે તો તે વાત સાચી નથી. પર્યાય અશુદ્ધ હોવા છતાં ત્રિકાળી દ્રવ્ય કદી પણ

અશુદ્ધ થતું જ નથી, વસ્તુ ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે. વિકાર તો પરના લક્ષે થતો દ્રવ્યનો એકસમયની અવસ્થાનો ભેખ છે અને મોક્ષમાર્ગની પર્યાય પણ દ્રવ્યનો એકસમયની અવસ્થાનો ભેખ છે. અરે! સિદ્ધદશા એ પણ એક સમયની અવસ્થાનો ભેખ છે, ત્રિકાળી ધ્રુવ વસ્તુ નથી. જો ત્રિકાળી દ્રવ્યથી પર્યાય અભિન્ન જ હોય તો વિકારી અને અવિકારી પર્યાયનો અભાવ થતાં દ્રવ્યનો પણ અભાવ—નાશ થઈ જાય પણ દ્રવ્ય તો પર્યાયથી કથંચિત્ ભિન્ન હોવાથી ત્રિકાળ ટકનાર છે. સમયસાર—સંવર અધિકારમાં તો વિકારના પ્રદેશને પણ દ્રવ્યથી ભિન્ન ગણવામાં આવ્યા છે, ક્રોધાદિ કષાય અને જ્ઞાનના પ્રદેશ ભિન્ન કહ્યાં છે.

પ્રશ્ન :—સુખાનુભવ તો પર્યાયમાં થાય છે, તો પછી આત્મદ્રવ્યનો મહિમા શા માટે ગવાય છે?

ઉત્તર :—અનુભવની શોભા વાસ્તવમાં આત્મદ્રવ્યના કારણે જ છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જો કે અનુભવમાં નથી આવતું તદાપિ અનુભવ તો પર્યાયનો જ થાય છે; તોપણ જ્યાં સુધી પર્યાય દ્રવ્યનો સ્વીકાર નથી કરતી ત્યાં સુધી અનુભવ થતો નથી. તેથી પર્યાય દ્રવ્યનો સ્વીકાર કરે તે જ તેની શોભા છે, અને તે આત્મદ્રવ્યના કારણે છે.

પ્રશ્ન :—દુઃખનું વેદન એ તો પુદ્ગલની પર્યાય છે ને?

ઉત્તર :—કોણે કહ્યું પુદ્ગલની પર્યાય છે? જીવની પર્યાય છે. દુઃખનું વેદન જીવની પર્યાયમાં થાય; એ તો જીવમાંથી નિકળી જાય છે અને દુઃખ એ જીવનો સ્વભાવ નથી અને પુદ્ગલના લક્ષે રાગ-દુઃખ થાય છે તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવાના હેતુથી તેને પુદ્ગલની પર્યાય કહી છે, પણ દુઃખનું વેદન પુદ્ગલમાં થતું નથી, જીવની પર્યાયમાં દુઃખનું વેદન થાય છે.

પ્રશ્ન :—પર્યાય તન્મય થઈને જાણે છે કે અતન્મય રહીને જાણે છે?

ઉત્તર :—પર્યાય અતન્મય રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય દ્રવ્યમાં તન્મય થાય છે એ તો પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે તેને તન્મય થઈ તેમ કહેવાય છે. અજ્ઞાનદશામાં પર્યાય રાગ સન્મુખ હતી તેથી તે પર્યાયને રાગમાં તન્મય કહેવાતી હતી. તેમ દ્રવ્ય સન્મુખ પર્યાય થતાં દ્રવ્યમાં તન્મય થઈ તેમ કહેવાય છે. પણ તન્મયનો અર્થ પર્યાય દ્રવ્યમાં ભળીને એકરૂપ થઈ જાય છે તેમ નથી, પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. પર્યાય પર્યાયથી છે ને દ્રવ્યથી છે, બે ધર્મો છે તે જુદા છે. પરદ્રવ્યથી ભિન્નતા સિદ્ધ કરવી હોય ત્યારે એમ કહેવાય કે પર્યાયથી દ્રવ્ય જુદું નથી; પણ જ્યારે વસ્તુના બે ધર્મો સિદ્ધ કરવા હોય ત્યારે તો પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે તેમ સમજવું. જ્યારે જે અપેક્ષાથી કહેવાનો જે આશય હોય તેમ સમજવું જોઈએ.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ક્રમબદ્ધપર્યાય માનવાથી પુરુષાર્થ ઊડી જાય છે તે સાચું છે?

સમાધાન :—જે ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક છે. ક્રમબદ્ધ જે યથાર્થ માને તેમાં પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધ સાચું માન્યું ત્યારે કહેવાય કે જેમાં પુરુષાર્થ સાથે હોય તો માન્યું છે. પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ છે. આમ જ થવાનું છે તેવો નિર્ણય પુરુષાર્થનું બળ અને પરાક્રમ સૂચવે છે. પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ ન માને તો તે ક્રમબદ્ધને માનતો જ નથી.

પ્રશ્ન :—પોતાની શુદ્ધ પર્યાય સાથે તત્પણું ઘટે કે અતત્પણું ઘટે છે?

સમાધાન :—પોતાની શુદ્ધ પર્યાય સાથે તત્પણું પણ છે અને અતત્પણું પણ છે. શુદ્ધ પર્યાયરૂપે આત્મા પરિણમે છે તે તત્પણું છે, અને પર્યાય જેટલો આત્મા નથી, અર્થાત્ આત્મા તો અખંડ છે જ્યારે પર્યાયનું સ્વરૂપ ક્ષણ પૂરતું છે; માટે પર્યાય સાથે અતત્પણું છે. આમ પોતાની પર્યાય છે માટે તત્પણું અને પર્યાય ક્ષણ પૂરતી છે માટે અતત્પણું છે.

પ્રશ્ન :—સ્થૂલ ઉપયોગકો સૂક્ષ્મ કરકે ભીતર જાનેકી વિધિ ક્યા?

સમાધાન :—વિધિ તો અપનેકો કરનેકી હૈ. સ્થૂલ ઉપયોગકો સૂક્ષ્મ કરનેકે લિયે અંતરમેં જાના, સ્વભાવ કો પીછાનના. અપના માર્ગ અપને હાથમેં હૈ. બાહ્યદૃષ્ટિ કરનેસે ઉપયોગ સ્થૂલ હો જાતા હૈ ઔર ભીતરમેં દૃષ્ટિ કરનેસે—સ્વભાવકો ગ્રહણ કરનેસે—ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ. સ્વભાવમેં ગહરા જાનેસે ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ. પ્રજ્ઞાછીણીસે સ્વભાવકો ગ્રહણ કરે તો ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ ઔર વહ બહાર જાતા હૈ તો સ્થૂલ હોતા હૈ.

પ્રશ્ન :— પરાશ્રિતજ્ઞાન સર્વથા હેય છે તો પરની જાણકારી હેય છે ને?

સમાધાન :—પરાશ્રિતજ્ઞાન એટલે પરનો આશ્રય લેતું જ્ઞાન તે હેય છે. કારણ કે તેમાં પર તરફ જવાથી રાગ થાય છે, એકત્વબુદ્ધિ થાય છે માટે તે હેય છે. પણ કાંઈ

જ્ઞાન હેય નથી. પરની સાથે એકત્વબુદ્ધિ કરવી, રાગ કરવો, તે હેય છે. વળી પરનો આશ્રય લેતાં જ્ઞાનોપયોગ ખંડ ખંડ થઈ જાય છે. (તેથી તેને હેય કહ્યો છે.) જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. વીતરાગદશા પ્રગટ થાય ત્યારે સ્વ ને પરને જાણવારૂપ સહજ જ્ઞાન હોય છે, પરને જાણવા જતો નથી. આ જાણવું–આ જાણવું તેમ ફાંફાં મારવાનાં નથી, એક આત્માને જાણે તેમાં બધું આવી જાય છે.

પ્રશ્ન :—સ્વને જાણ્યા વગર એકાંતે પરને જાણવું તે શું હેય છે?

સમાધાન :—પરનું જાણવું તે હેય નથી; પણ પરમાં નિમગ્નતા કરવી તે હેય છે. એકલા પરને જાણે અને જ્ઞાયકને ન જાણે ત્યાં જ્ઞેયમાં નિમગ્ન થતો હોવાથી તે હેય છે. જ્ઞાન નિમગ્નતા એટલે આત્મામાં રહેવું. જ્ઞાનમાં જ્ઞેય સહજ જાણવામાં આવે છે, પણ તે જ્ઞેયમાં રાગ કરવો અને નિમગ્નતા કરવી તે હેય છે. એકલા પરને જાણવું તે યથાર્થ નથી, પણ આત્માને જાણીને પરનું જાણવું તે યથાર્થ છે. સ્વના જ્ઞાનપૂર્વક પરને જાણે તે યથાર્થ છે. એકલા પરને જાણવું તે વિપર્યય છે, મિથ્યાત્વ સાથેનું મિથ્યાજ્ઞાન છે.

પ્રશ્ન :—સંસારમેં દુઃખ લગે ઔર આત્માકી મહિમા આવે તો વો આત્માકી ખોજ કરે ક્યા યે યોગ્ય હૈ?

સમાધાન :—જિસકો સંસારમેં દુઃખ લગે ઔર આત્માકી જિજ્ઞાસા–પિપાસા લગે ઉસકો આત્માકી મહિમા આવે, જિસકો સંસારમેં તન્મયતા હોતી હૈ ઉસકો અપની મહિમા નહીં આતી. દુઃખ લગે કિ યહ સંસાર અચ્છા નહીં હૈ, દુઃખરૂપ હૈ તથા આત્માકા વૈભવ જગતમેં અનુપમ હૈ ઐસી ઉનકી જિજ્ઞાસા લગે, મહિમા આવે તો આત્માકો દેખનેકા પ્રયત્ન કરે. યહ આત્મા કૌન બતાવે? આત્મા કહાં હૈ? ઐસી જિજ્ઞાસા હોતી હૈ તો વહ ખોજ કરતા હૈ.

પ્રશ્ન :—પરને જાણવું દુઃખનું કારણ કે રાગ કરવો તે દુઃખનું કારણ છે?

સમાધાન :—પરને જાણવું તે દુઃખનું કારણ નથી. પણ પર પ્રત્યે રાગ કરવો તે દુઃખનું કારણ છે.

પ્રશ્ન :—મારે આત્મા જ પ્રાપ્ત કરવો છે એવી જે ભાવનાથી ઊપડ્યો હતો તે ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય?

સમાધાન :—મારે આત્માનું જ કરવું છે તે ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય. આત્મા જ સર્વસ્વ છે એમ કરીને નિર્ણય કર્યો હોય અને જો ભાવના ફરી જાય તો તેનો નિર્ણય પણ ડામાડોળ થવાનો અવકાશ છે.

## બાળ વિભાગ

# દ્વારકા કેવી રીતે નાશ પામી ?

(હરિવંશ પુરાણનો એક વૈરાગ્ય પ્રસંગ)

(દ્વારિકા નગરી ભલે બળી ગઈ પણ ધર્માત્માની શાંત પર્યાય બળી નથી. તે તો અગ્નિથી તથા શરીરથી અલિપ્ત ચૈતન્યરસમાં લીન હતી.)

તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથ ગિરનાર પધાર્યા ત્યારે શ્રીકૃષ્ણ, બળદેવ આદિ તેમના દર્શને આવ્યા. તે સમયે ભગવાનની દિવ્યધ્વનિથી વીતરાગી ઉપદેશ સાંભળ્યા પછી બળભદ્રે વિનયથી પૂછ્યું—

"હે દેવ ! આપના પુણ્યોદયથી કુબેરે દ્વારિકાપુરીની રચના કરી છે. અદ્‌ભુત વૈભવયુક્ત આ દ્વારિકા નગરી કેટલા વર્ષો સુધી રહેશે ? જે વસ્તુ કૃત્રિમ હોય, તેનો અવશ્ય નાશ થાય છે, માટે આ દ્વારિકા નગરી સહજ રીતે નાશ પામશે કે કોઈના નિમિત્તથી ? તથા મને જેના પ્રતિ અત્યંત સ્નેહ છે—એવા મારા ભાઈ શ્રીકૃષ્ણ વાસુદેવના પરલોકગમનનું શું કારણ હશે ? મહાપુરુષોનું શરીર તો કાયમી રહેતું નથી તથા મને જગતના અન્ય પદાર્થો પ્રતિ મમત્વ તો ઓછું છે, પણ એક ભાઈ શ્રીકૃષ્ણના તીવ્ર સ્નેહ બંધનથી હું કેમ બંધાયેલો છું."

ત્યારે તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું—"આજથી બાર વર્ષ બાદ મદ્યના નશાથી ઉન્મત્ત યાદવકુમાર દ્વીપાયન મુનિને ક્રોધ કરાવશે અને તે દ્વીપાયન મુનિ (બળદેવના મામા) ક્રોધથી આ નગરીને ભસ્મ કરશે તથા મહાભાગ્યવાન શ્રીકૃષ્ણ કૌશામ્બીના વનમાં સૂતા હશે તે સમયે તેમના જ ભાઈ જરતકુમારના બાણથી તે પરલોકગમન કરશે. તેમના છ મહિના પછી સિદ્ધાર્થદેવના સંબોધનથી તમે (બળદેવ) સંસારથી વિરક્ત થઈ સંયમદશા ગ્રહણ કરશો.

જન્મ-મરણના દુઃખનું કારણ તો રાગ-દ્વેષનો ભાવ છે અને જે સમય પુણ્યનો પ્રતાપ નાશ પામે છે ત્યારે તે સમયે બાહ્ય કોઈને કોઈ નિમિત્ત મળી જ જાય છે. વસ્તુસ્વભાવને જાણવાવાળા વૈરાગી જીવ પુણ્ય-પ્રસંગમાં હર્ષ નથી કરતા તેમજ નાશના સમયે શોક નથી કરતા. વાસુદેવના વિયોગથી તમે (બળદેવ) પહેલાં તો ઘણા દુઃખી થશો, પરંતુ પછી પ્રતિબુદ્ધ થઈને ભગવતી દીક્ષા ધારણ કરી પાંચમાં બ્રહ્મસ્વર્ગમાં જશો.

ત્યાંથી મનુષ્યભવ પ્રાપ્ત કરીને નિરંજન સિદ્ધદશાને પામશો, મોક્ષ પ્રાપ્ત કરશો. શ્રીકૃષ્ણ પણ ભવિષ્યમાં મોક્ષ પ્રાપ્ત કરશે.''

(બળદેવ અને વાસુદેવ બંને જીવ તીર્થંકર થશે—એવું ઉત્તરપુરાણમાં કહ્યું છે.)

ભગવાનની આ વાત સાંભળીને દ્વીપાયને તો તરત જ દીક્ષા ધારણ કરીને દ્વારિકાથી ઘણા દૂર વિહાર કરી ગયા. દ્વીપાયન મુનિએ વિચાર્યું કે વિહાર કરવાથી, મારા નિમિત્તે થવાવાળો દ્વારિકાનો વિનાશ બચી જશે. પરંતુ અરે રે ! ભગવાનના જ્ઞાનમાં જે જાણવામાં આવ્યું છે તેને કોણ બદલી શકે ? આ જ પ્રમાણે મારા બાણથી હરિનું મૃત્યુ થશે—આવું સાંભળીને જરતકુમાર ઘણા જ દુઃખી થયા અને કુટુંબને છોડીને દૂર એવા વનમાં ચાલ્યા ગયા. જ્યાં હરિના દર્શન પણ ન થઈ શકે. શ્રીકૃષ્ણના સ્નેહને કારણે તે જરતકુમાર ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. શ્રીકૃષ્ણ હરિ તેને પ્રાણથી પણ અધિક પ્રિય હતા. તે દૂર વનમાં વનચરની જેમ રહેવા લાગ્યા કે જેનાથી તેમના હાથે હરિનું મૃત્યુ ન થાય. પરંતુ ભગવાનની વાણીને કોણ મિથ્યા કરી શકે ?

બાકી બધા બળદેવ, શ્રીકૃષ્ણ આદિ બધા જ યાદવો દ્વારિકાની હોનહાર સાંભળીને શોકાતુર હૃદયે દ્વારિકા આવ્યા. દ્વારિકા તો જૈનોની નગરી, મહા દયાધર્મથી ભરેલી, ત્યાં માંસ-મદ્ય કેમ હોય ? જ્યાં નેમિકુમાર રહ્યા હોય, જ્યાં બળદેવ-વાસુદેવનું રાજ્ય હોય, ત્યાં માંસ અને મદ્યની વાત કેમ હોય ? પરંતુ કર્મભૂમિ હોવાથી કોઈ પાપી જીવ ગુપ્તરૂપથી ક્યારેક મદ્યાદિકનું સેવન કરતા હોય—એમ વિચારીને વાસુદેવે દ્વારિકામાં ઘોષણા કરી કે કોઈ પોતાના ઘરમાં મદ્યપાનની સામગ્રી ન રાખે, જેની પાસે હોય તે તુરંત નગરીની બહાર ફેંકી દે. આવું સાંભળીને જેની પાસે મદ્ય-સામગ્રી હતી, તેમણે કદંબવનમાં તેને ફેંકી દીધી અને જ્યાં પડી પડી તે સુખાવા લાગી.

પછી શ્રીકૃષ્ણે દ્વારિકાના સર્વે નર-નારીઓને વૈરાગ્યપૂર્ણ ઘોષણા કરી, નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે મારા માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી, સ્ત્રી અને નગરના લોકો, જેમને વૈરાગ્ય લેવો હોય તે તુરંત જિનદીક્ષા લઈને આત્મકલ્યાણ કરો. હું કોઈને રોકીશ નહીં. હું પોતે દીક્ષા નથી લઈ શકતો, પણ દ્વારિકા નગરી નાશ પામે તે પહેલાં જેમણે આત્મકલ્યાણ કરવું હોય તે કરી લે, તેમને મારી અનુમોદના છે. શ્રીકૃષ્ણને જિનવચનમાં પરમ શ્રદ્ધા હતી. તેમણે પોતાના સમ્યક્ત્વપૂર્વક પ્રભુના ચરણોમાં વિશુદ્ધ ધર્મભાવનાના ભાવથી તીર્થંકર પ્રકૃતિ બાંધી અને ધર્માત્મા જીવોની સાધનામાં મહાન અનુમોદના કરી.

શ્રીકૃષ્ણની ધર્મઘોષણા સાંભળીને તેમના પુત્ર પ્રદ્યુમ્નકુમાર, ભાનુકુમાર આદિ જે

ચરમશરીરી હતા તેમણે તો જિનદીક્ષા લઈ લીધી. સત્યભામા, રુક્મિણી, જાંબુવતી આદિ આઠ પટરાણીઓ અને બીજી હજારો રાણીઓએ શ્રી નેમિપ્રભુના સમવસરણમાં જઈને આર્યિકા રાજમતીના સંઘમાં દીક્ષા લીધી. દ્વારિકા નગરીની પ્રજામાંથી ઘણા પુરુષ મુનિ થયા, ઘણી સ્ત્રીઓ આર્યિકા થઈ. શ્રીકૃષ્ણે બધાને ધર્મની પ્રેરણા આપતા કહ્યું કે–

“સંસાર સમાન કોઈ સમુદ્ર નથી, માટે સંસારને અસાર જાણીને નેમિપ્રભુએ બતાવેલા મોક્ષમાર્ગની શરણ લો. અમારો તો આ ભવમાં સંયમ લેવાનો યોગ નથી અને બળદેવ પણ મારા પ્રત્યેના તીવ્ર રાગને કારણે મુનિવ્રત લઈ શકતા નથી. મારા વિયોગ બાદ તે મુનિવ્રત ધારણ કરશે. બાકી બધા ભાઈઓ, બહેનો, યાદવો, અમારા વંશના બધા રાજાઓ, કુટુંબીઓ અને ધર્મપ્રેમી પ્રજાજનો, બધા આ ક્ષણભંગુર સંસારનો સંબંધ છોડીને શીઘ્ર જિનરાજના ધર્મની આરાધના કરો, મુનિ તથા શ્રાવકના વ્રત ધારણ કરો અને કષાય અગ્નિમાં બળતા આ સંસારમાંથી બહાર નીકળી જાઓ.”

શ્રીકૃષ્ણની આ વાત સાંભળીને ઘણા જીવો વૈરાગ્યને પામીને વ્રત ધારણ કરવા લાગ્યા, અનેક મુનિ થયા, અનેક શ્રાવક થયા. સિદ્ધાર્થ કે જે બળદેવનો સારથી હતો, તેણે પણ વૈરાગ્ય પામીને બળદેવ પાસે મુનિદીક્ષા લેવા માટે આજ્ઞા માગી. તે સમયે બળદેવે આજ્ઞા આપતા કહ્યું કે–

“શ્રીકૃષ્ણના વિયોગમાં જ્યારે મને સંતાપ ઉપજે ત્યારે તમે દેવલોકથી આવીને મને સંબોધન કરજો ને વૈરાગ્ય પ્રાપ્ત કરાવજો.”

સિદ્ધાર્થે તે વાતનો સ્વીકાર કરીને જિનદીક્ષા લઈ લીધી. દ્વારિકાના બીજા અનેક લોકો બાર વર્ષ માટે નગરી છોડીને વનમાં ચાલ્યા ગયા અને ત્યાં વ્રત, ઉપવાસ, દાન, પૂજાદિમાં તત્પર થયા. પરંતુ તે બધા બાર વર્ષની ગણતરી ભૂલી ગયા અને બાર વર્ષ પૂર્ણ થયા પહેલા (બાર વર્ષ વીતી ગયા એમ સમજીને) દ્વારિકા નગરીમાં ફરીથી આવીને વસી ગયા. અરે જેવી ગતિ તેવી મતિ ! (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ) (બાલવિભાગ)

પાતાળ સુધી કાંઈ જ વસ્તુ ન હોય તો ‘આકાશથી પાતાળ સુધીનો હક્ક’ એમ કેમ લખાવે ? વસ્તુ છે માટે તેનો હક્ક માને છે. આકાશથી પાતાળ સુધી એટલે કે સર્વવ્યાપી રહેલી તે વસ્તુને ‘આકાશદ્રવ્ય’ કહેવાય છે. આ દ્રવ્ય જ્ઞાનરહિત છે અને અરૂપી છે. તેનામાં રંગ, રસ વગેરે નથી. (ક્રમશઃ)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી ✻**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૮-૧૦-૨૦૧૯, મંગળવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ મહાવીર નિર્વાણ પંચાહ્નિક-મહોત્સવ** :—પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ ૨૪-૧૦-૨૦૧૯, ગુરુવાર થી આસો વદ ૩૦, સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯ પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાન પૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ સુપ્રભાત દિન** :—કારતક સુદ એકમ—નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨૯-૧૦-૨૦૧૯, મંગળવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ કાર્તિક-નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻**

કારતક સુદ ૮, સોમવાર, તા. ૪-૧૧-૨૦૧૯ થી કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૧૨-૧૧-૨૦૧૯—નવ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## (૭૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના ઉત્તર ''હા'' અથવા ''ના''માં આપો.)

(૧) ભેદવિજ્ઞાનનાં બળથી જ્ઞાનીને ગરમપાણીમાં અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતા ભિન્ન-ભિન્ન જણાય છે.

(૨) સંજ્ઞી જીવો તત્ત્વનો નિર્ણય કરવામાં ઉપયોગ લગાવતા નથી તેનું કારણ પાપકર્મનો તીવ્ર ઉદય છે.

(૩) ૨૫ પ્રકારનાં કષાય પૈકી દેવગતિમાં ૨૨ કષાય હોય છે.

(૪) સમયસારમાં કહ્યું છે કે, જેઓ નય પક્ષપાતને છોડી અને વિકલ્પજાળથી રહિત થઈ સ્વરૂપમાં ગુપ્ત થઈને રહે છે તે સાક્ષાત અમૃત પીવે છે.

(૫) ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થયેલ જે મમત્વ પરિણામ મૂર્ચ્છા જ ખરેખર પરિગ્રહ છે.

(૬) દર્શન મોહનીયકર્મના ત્રણ પ્રકાર છે.

(૭) પાંચ ઉદમ્બર ફળમાં જેનો સમાવેશ છે તે અંજીર ખાવાથી અસંખ્યાત ત્રસ જીવોની હિંસા થાય છે.

(૮) પંચાસ્તિકાય સંગ્રહમાં ''કર્મની શક્તિને ક્ષીણ કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગને ભાવ નિર્જરા કહેલ છે.

(૯) શ્રાવકના વ્રતોમાં સામાયિક વ્રતનો સમાવેશ ગુણવ્રતમાં કરવામાં આવેલ છે.

(૧૦) જ્ઞાનીને જે શુભભાવ આવે તે હેયબુદ્ધિએ હોય છે.

(૧૧) ધરસેન આચાર્યદેવે પુષ્પદંત અને ભૂતબલી નામના મુનિવરોને ષટ્ખંડાગમનું જ્ઞાન આપેલ હતું.

(૧૨) ચારિત્ર મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરની છે.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે અનાદિ અનંત જે એક નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તેનું સ્વસન્મુખ થઈ આરાધન કરવું તે પરમાત્મા થવાનો ઉપાય છે.

(૧૪) દ્રવ્યલિંગી મુનિને ગૃહિત મિથ્યાત્વનો સદ્ભાવ હોતો નથી.

(૧૫) ક્ષયોપશમ આદિ પાંચ લબ્ધિ એકમાત્ર સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને જ પ્રાપ્ત થઈ શકે છે.

(૧૬) કર્મફળને ભોગવીને કર્મોની નિર્જરા કરવામાં આવે તે નિર્જરા પણ મોક્ષનું કારણ છે.

(૧૭) ''બહેનશ્રીનાં વચનામૃત'' પુસ્તક વિષે પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે આ બેનના વચનો છે તે અનંત જ્ઞાનીના વચનો છે. ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

(૧૮) જે ચેતના હર્ષ-શોકાદિ વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણામ તે કર્મચેતના છે.

(૧૯) જ્ઞાનપ્રધાન કથનમાં આત્માની અવસ્થામાં અશુદ્ધતા છે, દૃષ્ટિપ્રધાન કથનમાં આત્મા ત્રિકાળ શુદ્ધ છે.

(૨૦) ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલા જે કર્મો આત્માના પુરષાર્થના નિમિત્તે ખરી જવા તેને અકામનિર્જરા કહે છે.

## પ્રૌઢ માટેના પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૧૬ | (૫) | ૧૦ | (૯) | ૨૫ | (૧૩) | ૨૨ | (૧૭) | ૭ |
| (૨) | ૧ | (૬) | ૫ | (૧૦) | ૫ | (૧૪) | ૩૩ | (૧૮) | ૯ |
| (૩) | ૩ | (૭) | ૫ | (૧૧) | ૨ | (૧૫) | ૩૬૩ | (૧૯) | ૫ |
| (૪) | ૭ | (૮) | ૪ | (૧૨) | ૨૪ | (૧૬) | ૧૨ | (૨૦) | ૪૭ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

(૧) પ્રવચનસાર ...........આચાર્ય કુંદકુંદદેવ

(૨) ભક્તામર સ્તોત્ર ......માનતુંગાચાર્ય

(૩) પદ્મપુરાણ .............આચાર્ય રવિષેણ

(૪) છહઢાળા............પંડિત દોલતરામજી

(૫) યોગસાર.............આચાર્ય યોગીન્દુદેવ

(૬) રત્નકરંડ શ્રાવકાચાર....શ્રી સમંતભદ્રાચાર્ય

(૭) વિષાપહાર સ્તોત્ર .......કવિ ધનંજય

(૮) નાટક સમયસાર.....પંડિત બનારસીદાસજી

(૯) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક....પંડિત ટોડરમલજી

(૧૦) તત્ત્વાર્થસૂત્ર ............શ્રી ઉમાસ્વામી

(૧૧) અર્થપર્યાય

(૧૨) અરિહંત ભગવાન

(૧૩) અચલમેરુ

(૧૪) અસંભવ દોષ

(૧૫) અપ્રમત્ત

(૧૬) અહિંસા–અદંતધોવન

(૧૭) અવધિજ્ઞાન

(૧૮) અનંતવીર્ય

(૧૯) અસ્તિત્વ

(૨૦) અધિગમજ સમ્યક્‌દર્શન

## (૭૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

### જોડી બનાવો (કોણ ક્યાંથી મોક્ષે ગયા.)

| | | | |
|---|---|---|---|
| (૧) | ૨૦ તીર્થંકર | ................................. | (૧) દ્રોણગિરિ |
| (૨) | રામ, હનુમાન વિ. | ................................. | (૨) સોનાગિરિ |
| (૩) | દેશભૂષણ–કુલભૂષણ | ................................. | (૩) કૈલાસપર્વત |
| (૪) | ગુરુદત્ત | ................................. | (૪) પાવાગઢ |
| (૫) | યુધિષ્ઠિર | ................................. | (૫) માંગીતુંગી |
| (૬) | નંગ–અનંગકુમાર | ................................. | (૬) ચંપાપુરી |
| (૭) | બાલિ મુનિ | ................................. | (૭) સમ્મેદશિખર |
| (૮) | લવ–કુશ | ................................. | (૮) ગજપંથા |
| (૯) | વાસુપૂજ્ય ભગવાન | ................................. | (૯) શત્રુંજય |
| (૧૦) | સાત બળભદ્ર | ................................. | (૧૦) કુંથલગિરિ |

પ્રસ્તુત પ્રશ્નોના ઉત્તર **૫I** થી શરૂ થશે

(૧૧) ચોથા બાલયતિ તીર્થંકર સમ્મેદશિખરથી મોક્ષે ગયા તેમનું નામ .....................

(૧૨) પાંચ ઉદમ્બર ફળમાંથી એકનું નામ ...........................

(૧૩) દુઃખના બુરા કાર્યને કહે છે ? ...........................

(૧૪) લવ-કુશ જ્યાંથી મોક્ષે ગયા છે ? ...........................

(૧૫) અધોલોકનું બીજું નામ ...........................

(૧૬) પ્રત્યક્ષજ્ઞાનનો એક ભેદ ...........................

(૧૭) પાંચ ભાવમાંથી એક ભાવ ...........................

(૧૮) કલ્યાણમંદિર સ્તોત્રમાં ક્યા ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે ?................

(૧૯) કોને દાન આપવું જોઈએ ? ...........................

(૨૦) નવધા ભક્તિનો એક પ્રકાર ...........................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ છે તેને શુભરાગ આવે છે, પણ તેને રાગની વિરક્તિનો વૈરાગ્ય હોય છે અને આત્માના અસ્તિ તરફનો શાંત ઉપશમ રસ હોય છે. રાગ હોવા છતાં રાગથી અંશે છૂટો પડ્યો છે એટલો ઉપશમ રસ છે. જેને આત્માની ખરી રુચિ નથી તેના શુભ ભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે. પોતાના સ્વભાવનું આશ્ચર્ય અને મહિમા ન આવે અને બીજા પદાર્થોનું આશ્ચર્ય ને મહિમા આવે છે તેના શુભભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે. ૩૭૬.

● અરે ભાઈ ! તું ક્યાં રોકાઈ ગયો ? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી થાય ? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહાર ને બહારમાં ક્યાં રોકાઈ ગયો ? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે. ૩૭૭.


● ભાઈ ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યા છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં ક્યાંય સુખ નથી. અરે ! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે દીકરા ! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું લાગે છે. ૩૭૮.

● પોતાને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ તો જીવનો સ્વભાવ છે. એ ન થઈ શકે તેમ ન માન ! કેવળજ્ઞાન પ્રગટ કરવું તે અઘરું પડે તેમ ન માન. જીવને પરમાણુ બનાવવો હોય તો તે ન થઈ શકે. અરે ! રાગને કાયમ રાખવો હોય તો તે કાયમ રહી ન શકે, પણ શુદ્ધતા પ્રગટ કરવી તે તો જીવનો સ્વભાવ છે. એ કેમ ન થઈ શકે ? તે કેમ અઘરું પડે ? જીવમાં ઠરવું, શુદ્ધતા પ્રગટ કરવી એ તો જીવનો સ્વભાવ હોવાથી થઈ શકે છે. માટે ન થઈ શકે એવી માન્યતાનું શલ્ય છોડી દે ! ૩૭૯.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૯
અંક-૨ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-10-2019
Posted on 1-10-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org